Registration of News Paper No. GUJGUJ/2015/65432
Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/-
Posting Licence No. RAJKOT / 678 / 2021-23,VALID UP TO 31-12-2023
posted at rajkot-RMS published & posting dt.-daily (evening)
Web: www.saurashtrakranti.com
Email ; saurashtrakranti@gmail.com




અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતિ

સાંધ્ય દૈનિક

Year:7, Issue: 214 Dt.20-06-2022 (Monday)

તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાનઃ 125, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–360001



## ગુજરાતમાં માસાંતે મેઘરાજાની સટ્ટાસટીઃ હરખભરી આગાહી

### સુરત, ભરૂચ, વલસાડ, નવસારી, તાપી જિલ્લાઓમાં પણ મુશળધાર વરસાદ પડવાની હવામાન ખાતાની આગાહી

### જૂનાગઢ– અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ જિલ્લાઓમાં ભારે વરસાદ પડવાની સંભાવના

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૦

સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં જૂન મહિનાનાં અંત સુધીમાં ચોમાસું જોરદાર જમાવટ કરે તેવી હવામાન ખાતાએ હરખભરી આગાહી કરી છે. ચોમાસું ધીમે- ધીમે આગળ વધી રહ્યું છે. સૌરાષ્ટ્રમાં કેટલાક વિસ્તારો અને ગુજરાતમાં કેટલાક શહેરોમાં રવિવારે અને સોમવારે પણ વરસાદ થયાનાં અને ૧ થી ૪ ઇંચ પાણી પડ્યાનાં અહેવાલો મળ્યા છે પણ આગામી ૪ દિવસમાં સૌરાષ્ટ્ર અને ગુજરાતનાં સંખ્યાબંધ જિલ્લાઓમાં હળવોથી ભારે વરસાદ થવાની આગાહી થઇ છે. ગુજરાતની જેમ મહારાષ્ટ્ર, બિહાર, ઝારખંડ, મધ્યપ્રદેશ તથા છત્તીસગઢમાં અતિભારે વરસાદ થવાની આગાહી થઇ છે. ધમધોકાર વરસાદની શક્યતાને પગલે મુંબઈ માટે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

હવામાન ખાતાએ ગુજરાતમાં જોરદાર મેઘસવારી આવી પહોંચવાની શક્યતા દર્શાવી છે. રાજ્યમાં એક સાથે ત્રણ સિસ્ટમ ઉદ્દભવી છે. અરબી સમુદ્ર પર સાઈકલોનીક સર્ક્યુલેશન સર્જાયું છે. જેના કારણે સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત અને અન્યત્ર મુશળધાર વરસાદ થવાની આગાહી કરવામાં આવી છે. સૌરાષ્ટ્રમાં જૂનાગઢ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ જિલ્લાઓ તથા ગુજરાતમાં ભરૂચ, સુરત, ડાંગ, નવસારી, વલસાડ, તાપી જિલ્લાઓમાં મધ્યમથી ભારે વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે. ઉપરાંત બનાસકાંઠા, મહેસાણા, સાબરકાંઠા જિલ્લાઓમાં હળવા વરસાદની આગાહી થઇ છે. સંઘ પ્રદેશ દાદરા-નગર હવેલી અને દમણમાં ધોધમાર વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે. દરિયામાં ઉંચા મોજા ઉછળી રહ્યા છે અને કરંટ પણ સક્રિય થતા માછીમારોને દરિયામાં ન જવા ચેતવણી આપવામાં આવી છે.

રવિવારે ભીલખા, ઉમરાળી સહિતનાં વિસ્તારોમાં પાંચ ઇંચ જેવો ધોધમાર વરસાદ પડી જતા નદીઓમાં ઘોડાપુર આવ્યા હતા. વિસાવદરમાં પણ ૪ ઇંચ પાણી પડી ગયાનું નોંધાયું હતું. વિસાવદર ગામમાં ૧ કલાકમાં બે ઇંચ વરસાદ ખાબકતા ચારેતરફ જળબંબાકાર સર્જાયો હતો. રવિવારે જ અમરેલી તાલુકાનાં ગ્રામ્ય વિસ્તારોમાં ધોધમાર વરસાદ તૂટી પડતા ચારેતરફ પાણી ભરાયા હતા. કેરીયાચાળ ગામે ભારે વરસાદથી નદી ગાંડીતુર બની હતી. અમરેલી જિલ્લામાં વિઠલાપુર, ખંભાળિયા, ફતેહપુર, મોટા આંકડીયા, અમરાપુરમાં વરસાદ પડ્યો હતો. જાફરાબાદનાં ટીંબી, નાગેશ્રી, દુધાળા, મીઠાપુર સહિતનાં ગામડાઓમાં ધોધમાર વરસાદથી રસ્તાઓ પર પાણી વહી નિકળ્યા હતા. ખાંભા તાલુકાનાં ખાંભા, તાતણીયા, લાસા અને ધારીનાં ગોપાલગામ તેમજ

(અનુ.પાના નં.૪ ઉપર)

## રાત્રે ૧:૩૦ વાગ્યે રસ્તા પર ફરવા નિકળવું એ ગુન્હો નથીઃ મુંબઇ કોર્ટ



### નાઇટ કર્ફ્યુ ન હોય તો રાત્રે નિકળવાથી કોઇ ગુન્હો બનતો નથીઃ આરોપીને છોડી મુકતી કોર્ટ

(એજન્સી સમાચાર)

મુંબઇ, તા.૨૦

મુંબઇ પોલીસે મોડી રાત્રે શહેરના માર્ગો પર નિકળેલા એક યુવાનને પકડીને પુરી દીધા બાદ મુંબઇની અદાલતે આ યુવાનને છોડી મુકવાનો આદેશ આપ્યો છે અને મુંબઇ પોલીસને ખખડાવી નાખી છે. મુંબઇ પોલીસે શંકાસ્પદ ગણીને કસ્ટડીમાં લઇ લીધેલા ૨૯ વર્ષના યુવાનને છોડી મુકી અદાલતે સ્પષ્ટ કરાવ્યું હતું કે, રાત્રીના ૧:૩૦ વાગ્યે રસ્તા પર નિકળવાથી કોઇ ગુન્હો બનતો નથી. જો નાઇટ કર્ફ્યુ અમલમાં ન હોય તો મોડી રાત્રે બહાર નિકળવું એ કોઇ ગુન્હો નથી. વળી મુંબઇ જેવા મહાનગરમાં રાતના ૧:૩૦ વાગ્યા હોય એટલે કે બહુ મોડુ કહેવાય નહીં.

અદાલતે યુવાનને છોડી મુકતા ટકોર કરી હતી કે, કોઇ વ્યકિત મધરાત્રે રસ્તાની બાજુએ ઉભી હોય અથવા જતી હોય તો એ ગુન્હા કરવાના ઇરાદે નીકળી છે એવું માની લઇ શકાય નહીં. મુંબઇમાં અત્યારે કોઇ નાઇટ કર્ફ્યુ અમલમાં નથી. એટલે રસ્તા પર ઉભા રહેવું એ ગુન્હો નથી.

મુંબઇ પોલીસે ગત તા.૧૩ જૂને કેટબરી જંકશન પાસેથી યુપીના એક યુવાન સુમીત કશ્યપની શંકાસ્પદ હિલચાલના આરોપ સર ધરપકડ કરી હતી. પોલીસે

(અનુ.પાના નં.૪ ઉપર)

## અગ્નિપથનાં વિરોધમાં આજે 'ભારત બંધ': તમામ રાજ્યોમાં હાઈએલર્ટ

(એજન્સી સમાચાર)

નવી દિલ્હી, તા.૨૦

ભારતીય સેનાની અગ્નિપથ યોજનાનાં વિરોધમાં આજે ભારત બંધનું એલાન અપાયું હોવાથી તમામ રાજ્યોમાં સેનાએ અગ્નિપથ ભરતી યોજના પાછી નહીં ખેંચવાનો નિર્ણય કર્યો છે. દિલ્હીમાં આજે સવારથી કોંગ્રેસનાં નેતાઓએ જંતરમંતર પર ધરણા શરૂ કરી ભરતી યોજના સામે સત્યાગ્રહનો આરંભ કર્યો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. રેલવે એ કુલ ૩૫૦ જેટલી ઉતારું ટ્રેનો આજના દિવસે રદ કરી દીધી છે. ઝારખંડમાં શાળાઓમાં રજા જાહેર કરવામાં આવી છે. રેલવે મંત્રાલયે જાહેર અજય માકને જણાવ્યું હતું કે, આજે કોંગ્રેસનાં ટોચનાં નેતાઓ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદને મળશે અને અગ્નિપથ યોજના પાછી ખેંચવા અંગે રજૂઆત કરશે. કોંગ્રેસે એવી માંગણી કરી છે કે,

### બિહાર, યુપી, બંગાળ, હરિયાણા, આંધ્ર અને કેરાલામાં જંગી પોલીસ કાફલો તૈનાત

હાઈએલર્ટની સ્થિતિ જાહેર કરવામાં આવી છે. જ્યાં આંદોલનો ચાલી રહ્યા છે એવા રાજ્યોમાં મોટી સંખ્યામાં સુરક્ષા દળો અને પોલીસનાં કાફલા ખડકી દેવામાં આવ્યા છે. ભારતીય સરકારી ઈમારતોની સુરક્ષા માટે લોખંડી છે.

ભારત બંધનાં એલાનને પગલે દિલ્હી સહિત તમામ રાજ્યોમાં રેલવે મથકો અને અન્ય મહત્વની ચાવીરૂપ કર્યું હતું કે, બંધનાં એલાનને કારણે આજે સોમવારે ૩૪૮ પેસેન્જર ટ્રેન અને ૧૮૧ મેઈલ એકસપ્રેસ ટ્રેન રદ કરવાની ફરજ પડી છે.

કોંગ્રેસનાં રાષ્ટ્રીય મહામંત્રી આ યોજના અંગે પહેલા યુવાનો સાથે અને સંસદમાં ચર્ચા થવી જોઈએ.

હરિયાણાનાં ફરીદાબાદમાં આંદોલનકારી યુવાનોએ

(અનુ.પાના નં.૪ ઉપર)

## અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં જબરી અફરાતફરી, હજારો દર્દીઓને હાડમારી

### છેલ્લા કેટલાય દિવસથી ૧ હજાર તબીબો હડતાલ પર, ઓપીડી સહિતની ઈમરજન્સી સેવાઓ પણ ઠપ્પ

(એજન્સી સમાચાર)

અમદાવાદ, તા.૨૦

એશિયાની સૌથી મોટી અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં તબીબોની હડતાલનો હજુ સુધી કોઇ અંત આવવાના અણસાર દેખાતા ન હોવાથી હજારો દર્દીઓ અને પરિવારજનો અસહ્ય હાડમારીમાં મુકાઇ ગયા છે. નિદાન થતું નથી, સારવાર થતી નથી, દવાઓ મળતી નથી, ઓપરેશન થીયેટરો બંધ છે, સરકાર અને હડતાલીયા તબીબોની હુસાતુસીના વિષ ચક્રમાં દર્દીઓ પીલાઇ અને પીડાઇ રહ્યા છે.

છેલ્લા કેટલાય દિવસોથી સિવિલમાં રેસીડેન્ટ તબીબો હડતાલ પર ઉતરી ગયા છે. વિદેશથી અભ્યાસ માટે આવતા તબીબો પણ હડતાલમાં જોડાઇ ગયા છે. પરિણામે સિવિલ હોસ્પિટલ જેવી સૌથી મોટી સરકારી હોસ્પિટલમાં ઇમરજન્સી સહિતની તમામ આરોગ્ય સેવાઓ અસ્તવ્યસ્ત થઇ જવા પામી છે. સરકાર માંગણીઓ સ્વીકારતી નથી અને નમતુ જોખતી નથી. તો બીજી તરફ તબીબો પણ દર્દીઓના જાનના ભોગે હડતાલ ચાલુ રાખીને બેઠા છે. એક હજાર જેટલા તબીબો હડતાલ પર હોવાથી નિદાન અને સારવારની કોઇ વૈકલ્પિક વ્યવસ્થા પણ સરકાર કરી શકી નથી. પરિણામે દર્દીઓને ભયંકર પરિસ્થિતિમાં મુકાવું પડયું છે.

રાજય સરકાર માનવતાના ધોરણે અને હજારો દર્દીઓની સમસ્યાઓ ધ્યાનમાં લઇને હડતાલનો અંત લાવવાના પ્રયાસો કરે અથવા તો યુધ્ધના ધોરણે દર્દીઓના નિદાન અને સારવારની વૈકલ્પિક વ્યવસ્થા કરે એવી પ્રચંડ લોકમાંગણી ઉભી થઇ છે. સરકારે બે-ત્રણ દિવસ પહેલા કડક પગલા લેવાની ચેતવણી આપી હતી પણ હજુ સુધી કોઇ પગલા લેવામાં આવ્યા નથી. જેનાથી દર્દીઓમાં ભારે રોષ ફેલાયો છે.

હજુ અધુમારામાં પુરૂ હોય તેમ વડોદરામાં પણ રેસીડન્ટ

(અનુ.પાના નં.૪ ઉપર)

ગુજરાતની ઔદ્યોગિક વસાહતોમાં શ્રમિકોના આશ્રય માટે નવતર પહેલ

## કામદારોને રહેવા માટે શ્રમ નિકેતન ઉભા કરવાની યોજનાનો શુભારંભ

(એજન્સી સમાચાર)

ગાંધીનગર, તા.૨૦

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાત સરકારે રાજયની ઔદ્યોગિક વસાહતોમાં રોજગારી મેળવતા શ્રમયોગીઓ અને એમના આશ્રતરીતો માટે એક નવતર પહેલ કરી છે. એ અભિનવ પહેલ મુજબ શ્રમ નિકેતન યોજનાનો શુભારંભ કરવામાં આવ્યો છે.

જે ઔદ્યોગિક વસાહતોમાં ૧૫ હજારથી વધુ કામદારો કાર્યરત હોય તેવી ઔદ્યોગિક વસાહતોમાં આવા શ્રમ નિકેતન હોસ્ટેલ આવાસ ઉભા કરવામાં આવનાર છે. રાજય સરકારમાં શ્રમ કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ સંચાલીત શ્રમ યોગી કલ્યાણ બોર્ડ દ્વારા યોજના અમલમાં મુકવામાં આવી છે.



દેશના ગ્રોથ એન્જીન એવા

(અનુ.પાના નં.૪ ઉપર)

## આખરી વન-ડે વરસાદમાં ધોવાયો, બન્ને ટીમો સંયુકત વિજેતા જાહેર

### ભુવનેશ્વર મેન ઓફ ધ સીરીઝઃ પાંચ મેચોની શ્રેણી ૨–૨ થી સરભર




(એજન્સી સમાચાર)

બેંગ્લોર,તા.૨૦

રવિવારે બેંગલોરમાં રમાયેલી પાંચમી અને અંતિમ મેચ વરસાદના કારણે રદ થઈ જતાં સીરિઝ ૨-૨થી બરાબરી પર રહી. સીરિઝમાં કોઈ રિઝર્વ દિવસ ન હોવાના કારણે ટ્રોફી બંને ટીમો વચ્ચે શેર કરવામાં આવી છે. પાંચમી અને નિર્ણાયક મેચમાં ૩.૩ ઓવરની જ રમત શક્ય બની,સી પાઢી રમત શાસન બનતા મેચ પડતી મૂકવામાં આવી રહી જેને ખુલે પાંચ મેચો છે. સીરિઝ ૨-૨થી બરાબરી પર સમાપ્ત થઈ, ભુવનેશ્વર કુમાર પ્લેયર ઓફ ધ સીરિઝ જાહેર કરાયો. ઝડપી બોલર ભુવનેશ્વર કુમારને પ્લેયર ઓફ ધ સીરિઝ જાહેર કરવામાં આવ્યો હતો. આ વર્ષે ઓસ્ટ્રેલિયામાં રમાનારા ટી૨૦ વર્લ્ડ કપને ધ્યાનમાં રાખીને ભારત માટે આ સીરિઝ મહત્વની હતી કેમ કે આમાં યુવાન ખેલાડીઓને તક આપવામાં આવી હતી જેથી

(અનુ.પાના નં.૪ ઉપર)

## વોશિંગ્ટનમાં વ્હાઈટ હાઉસ નજીક ગોળીબારઃ એક ઈજાગ્રસ્ત

(એજન્સી સમાચાર)

વોશિંગ્ટન, તા.૨૦

અમેરિકાના પાટનગર વોશિંગ્ટન અને ખાસ કરીને વ્હાઈટ હાઉસ નજીક થયેલી ગોળીબારની ઘટનામાં એક ટીનેજર માર્યો ગયો હતો જયારે ત્રણ પોલીસ કર્મચારીને ઈજા થઈ હતી. સૌથી ગંભીર ઘટનામાં અમેરિકાના પ્રમુખના આવાસ વ્હાઈટ હાઉસ પાસે જ એક સંગીત કાર્યક્રમ દરમ્યાન ગોળીબારની ઘટના બની હતી .

જેમાં એક પોલીસ અધિકારીને ઈજા થઈ હતી. આ ઉપરાંત



### સંગીત કાર્યક્રમ દરમ્યાન બની ઘટના

વોશિંગ્ટનમાં એક અન્યત્ર થયેલી ગોળીબારની ઘટનામાં એક ટીનેજરનું મૃત્યુ થયાના અહેવાલ છે. જો કે તેને હજુ સતાવાર રીતે કોઈ માહિતી જાહેર થઈ નથી.(૯)

## ધો.૬ થી ૧૨માં ગુણને બદલે ગ્રેડિંગ પધ્ધતિ લાગુ કરવા માંગણી

### વિષયોનું ભારણ ઘટાડવા અને ટ્યુશનની બદી ડામવા ગુજરાતનાં શાળા સંચાલકોનો મુખ્યમંત્રીને પત્ર

(એજન્સી સમાચાર)

અમદાવાદ, તા.૨૦

ગુજરાતમાં માધ્યમિક શિક્ષણ પધ્ધતિમાં સંખ્યાબંધ સુધારા સૂચવતા રાજ્યનાં શાળા સંચાલકોએ ગુણને બદલે ગ્રેડિંગ પધ્ધતિ લાગુ કરવા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પત્ર પાઠવીને રજૂઆત કરી છે.

શાળા સંચાલકોએ પત્રમાં એવું સૂચન કર્યું છે કે, ધો.૬ થી ૧૨ માં વિષયોનું ભારણ ઘટાડવું જોઈએ. માત્ર ૬ વિષયોની શાળાકીય અને બોર્ડ પરીક્ષાઓ લેવી જોઈએ. ટ્યુશનની બદી ડામવા માટે સંચાલકોએ ગાઈડ અને અપેક્ષિતનું પ્રકાશન અને વેચાણ પણ બંધ કરવા માંગણી કરી છે. ધો.૬ થી ૧૨ માં માત્ર ૬ વિષયો જ ફરજીયાત બનાવવાની શાળા સંચાલક મંડળે માંગણી કરી છે.

ગુજરાતમાં ટ્યુશનની બદી ખૂબ જ ફલીફાલી હોવાથી એ દૂર કરવા માટે શાળા સંચાલકોએ મુખ્યમંત્રીને શિક્ષણ પધ્ધતિમાં ફેરફાર માટેનાં સૂચનો કર્યા છે. વિદ્યાર્થીઓ પર વધારાનું ભારણ ઘટાડી ૬ સંકલિત વિષયો જ રાખવા જોઈએ એવી તેમણે રજૂઆત કરી છે.(૨.૧૨)

### મહિલા આર્ટિસ્ટિક ટીમ ફ્રી કોમ્બિનેશનમાં યુક્રેન નંબર-૧



અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતિ
સાંધ્ય દૈનિક



સૌરાષ્ટ્ર ક્રાંતી છેલ્લા છ વર્ષથી આપને અવનવા સમાચારોથી અપડેટ રાખે છે. નિષ્પક્ષ પત્રકારત્વની અલગ ઓળખ ઉભી કરવા કાયમ પ્રયત્નશીલ છે અમારા દ્વારા ડિજીટલ માધ્યમથી આપને સમાચારપત્ર પહોંચાડવામાં આવે છે. એક દિવસના એક રૂપિયાના અનુદાન દ્વારા આપ નિષ્પક્ષ પત્રકારત્વને જીવંત રાખી દેશની ચોથી જાગીર ને મજબુત બનાવવા નિમીત બનશો નીચે આપેલ લીંક પર કલીક કરીને સબસ્ક્રાઈબ કરો

http://www.saurashtrakranti.com/subscribe/

દેશના કેમિકલ ઉદ્યોગમાં રૂ.૮ લાખ કરોડના રોકાણની શકયતાઃ ગુજરાતનો હિસ્સો અડધો અડધ

## ૨૦૨૫ સુધીમાં ગુજરાત સહિત દેશના રસાયણ ઉદ્યોગમાં જંગી રોકાણની સંભાવના



(એજન્સી સમાચાર)

અમદાવાદ, તા.૨૦

દેશમાં ઝડપથી પ્રગતિ કરી રહેલા કેમિકલ ઉદ્યોગમાં આગામી ૨૦૨૫ની સાલ સુધીમાં રૂ.૮ લાખ કરોડનું જંગી રોકાણ થવાની સંભાવના કેન્દ્ર સરકારે વ્યકત કરી છે. લીસ્ટમાં રસાયણ ઉદ્યોગમાં ગુજરાતનો ફાળો ૫૦%થી વધુ રહ્યો છે. અત્યારે વાર્ષિક ૯.૩%ના દરે કેમિકલ ઉદ્યોગનો વેગીલો વિકાસ થઇ રહ્યો છે. ગુજરાતમાં ૧૧ હજાર જેટલા કેમિકલ યુનિટ છે અને કુલ કેમિકલ ઉત્પાદનના ૫૦%થી વધુ ઉત્પાદન એકલા ગુજરાતમાં થાય છે.

અમદાવાદ ખાતે યોજાયેલી રાષ્ટ્રીય કેમિકલ પરિષદમાં બોલતા કેન્દ્રના રસાયણ અને પેટ્રો કેમિકલ સયુકત સચિવ સુસાંત કુમાર પુરોહિતે જણાવ્યું હતું કે, આવતા ત્રણ વર્ષમાં આ ઉદ્યોગમાં રૂ.૮ લાખ કરોડના જંગી રોકાણ થવાની આશા છે. ખૂબ જ ઝડપી વિકાસ થઇ રહ્યો છે. આગામી દિવસોમાં હજુ વધુ વિકાસ થશે.

તેમણે કહ્યું હતું કે, ૨૦૧૯માં કેમિકલ ઉદ્યોગનું કુલ મુલ્ય ૧૭૮ અબજ ડોલર જેટલું હતું. જે ૨૦૨૫માં વધીને ૩૦૪ અબજ ડોલર થઇ જવાની પુરી ધારણા છે. દેશના એક સૌથી મોટા રાસાયણ ઉત્પાદક ગુજરાતમાં ૧૧ હજાર કેમિકલ યુનિટ કાર્યરત છે. આગામી સમયમાં આ ઉદ્યોગ ૧૨.૫ના વાર્ષિક દરે વિકાસની ગતી પકડે એવી ધારણા છે.(૨.૧૧)

સૌરાષ્ટ્ર તેમજ દક્ષીણ ગુજરાતનાં સમાચારો મેળવવા માટે આજે જ તમારા મોબાઈલમાં અમારી Sk News એપ્લિકેશન ઈન્સ્ટોલ કરો.. તેમજ સૌરાષ્ટ્ર ક્રાંતી ન્યૂઝ પેપરની વેબસાઈટ પર જઈને પણ ન્યૂઝ મેળવી શકો છો.

GET IT ON Google Play | SK NEWS | સૌરાષ્ટ્ર ક્રાંતિ NEWS

www.saurashtrakranti.com

# મોભો એ જ, માધ્યમ નવું

## યુ ટ્યુબના માધ્યમથી સૌરાષ્ટ્ર ક્રાંતી આપશે આપની સમસ્યાને વાચા




## આજે જ સૌરાષ્ટ્ર ક્રાંતીની યુ ટ્યુબ ચેનલને સબસ્ક્રાઈબ કરો અને સમાચાર મેળવો

SUBSCRIBE
TO OUR CHANNEL
SAURASHTRA KRANTI

@saurashtrakranti/ saurashtrakrant
SAURASHTRAKRANTI SAURASHTRAKRANTI

Web: www.saurashtrakranti.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતિ

સાંધ્ય દૈનિક

## WhatsApp કરો

### તમારા ન્યુઝને

'સૌરાષ્ટ્ર ક્રાંતિ'માં જર્નાલિસ્ટ બની તમે પણ ગર્વ અનુભવો

તમારી આસપાસ બનતી કોઇ પણ ઘટના,સમાચાર,સમસ્યા કે તસ્વીરોને અમારા સુધી પહોંચાડો.

કોઇપણ ઘટના કે સમાચારની વિગત

**93276 28571 ઉપર Whats App કરો**

email: saurashtrakranti@gmail.com
web: www.saurashtrakranti.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતિ ક્લાસિફાઇડ

સાંધ્ય દૈનિક

## પ્રોપર્ટી, લગ્ન, નોકરી, શૈક્ષણીક, ઔષધ,યાત્રાપ્રવાસ, ધંધાદારી, વ્યવસાયલક્ષી, વાહનબજાર

**જાહેરાત માટે સંપર્ક કરો:**
**90333 44426**




## આ પેજ પર આપની જાહેરાત નજીવા દરે આપવા માટે **94097 57062** પર ફોન કરો અથવા મેસેજ કરો.

# એકના ડબલ કરવાની લાલચ આપી ૧૪૦ રોકાણકારો સાથે છેતરપીંડી

## ઈનામી ડ્રો કાર્ડ છપાવી અને ટુંક સમયમાં એકના ડબલની લાલચ આપી હતીઃ પોલીસમાં ફરિયાદ



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ,તા.૨૦

ઘાંચીવાડની મહિલા અને તેના પતિ સહિત ૭ આરોપીઓએ એકના ડબલ કરવાની લાલચે સ્ટાર ગ્રુપ નામે ઈનામી ડ્રો યોજી ૧૪૦ રોકાણકારો પાસે રોકાણ કરાવી છેતરપીંડી આચરી હતી. જેની ફરિયાદમાં દૂધસાગર રોડ પર નવયુગપરા શેરી નં. ૪માં રહેતા કમલેશભાઈ માધુભાઈ ભટ્ટી (રજપૂત) (ઉ.વ.૪૦)એ જણાવ્યું કે, આરોપી મરણજનાર દેવીબેન ઉર્ફે હર્ષાબેન માવજીભાઈ રાઠોડ તથા અસ્માબેન રજાકભાઈ કાશમાણીએ સ્ટાર ગ્રુપ ઈનામી ધમાકાના નામે ઈનામી ડ્રોના કાર્ડ છપાવી અને ટૂંકા સમયમાં એકના ડબલની લાલચ આપી જુદા જુદા સમયે ભવ્ય ઈનામી ડ્રો યોજી સ્ટાર ગ્રુપના સભ્યો તથા તેમના પરીવારના સભ્યોની ડીનર પાર્ટી યોજી હતી.

જે બાદ રોકાણકારોને લાલચમાં નાખી તેમજ અમુક માણસોને એજન્ટ તરીકે મીની કમિશનની લાલચ આપી એજન્ટો મારફતે ગ્રાહકો શોધી જુદા-જુદા ગ્રાહકો પાસેથી કુલ રૂ.૧,૯૫,૯૪,૮૦૦ જેવી મોટી રકમ ગ્રાહકો પાસેથી ઉઘરાવી તમામ આરોપીઓએ ઉપરોક્ત રકમ તથા અમુક સોનાના દાગીના રોકાણકારો પાસેથી લોભામણી સ્કીમ બતાવી મેળવી લઈ બાદ ફરિયાદી તથા રોકાણકારોના નાણાં પરત માંગતા આરોપીઓએ વાયદાઓ આપી રકમ પરત આપી નહોતી અને પુર્વ આયોજીત કાવતરૂ રચી છેતરપીંડી કરી હતી.

આરોપીઓ અસ્માબેન રજાક કાશમાણી, રંજનબેન માવજીભાઈ રાઠોડ, વિક્રમભાઈ રાઠોડ, ભુપતભાઈ રામજીભાઈ વાઢેર, કેતન ઉર્ફે ટીનો પ્રવીણભાઈ ભટ્ટી, રજાકભાઈ કાશમાણી અને સાહીદભાઈ આમદભાઈ સામે આઇપીસી કલમ ૪૦૬, ૪૨૦,૧૨૦ (બી), ૧૧૪ મુજબ ગુનો નોંધી ધરપકડ કરવા તજવીજ કરી વધુ તપાસ પીઆઇ સી.જી. જોશીએ હાથ ધરી છે.

ફરિયાદમાં કમલેશભાઈએ વધુમાં જણાવ્યું કે, અસ્માબેન તથા દેવીબેન ઉર્ફે હર્ષાબેન માવજીભાઈ રાઠોડ એમ બન્નેએ ફક્ત મીત્ર મંડળ માટે જ સને -૨૦૧૯માં પ્રથમ વખત સ્ટાર ગ્રુપ આયોજીત ઈનામી ધમાકા નામની સ્કીમ અસ્માબેનના ઘરે ઘાંચીવાડથી બહાર પાડેલ હતી અને ડ્રો કરેલ હતા.

વર્ષ ૨૦૨૧માં હર્ષા બેને કોઈ કારણોસર આપઘાત કરી લીધો હતો. ૨૦૧૯માં સ્ટાર ગ્રુપના નામે જ અલગ અલગ પ્રકારની સ્કીમ બહાર પાડતા હતા જેમાં ગઈ તા.૧૦/ ૦૧/ ૨૦૨૧ના રોજ બહાર પાડેલ સ્કીમમાં કુલ સભ્યો ૧૪૦ની સ્કીમ બહાર પાડેલ હતી.

આ સ્કીમો બહાર પાડી તે સ્કીમ ઓથોરાઈઝ છે તેવું દર્શાવવા માટે સ્કીમના કાર્ડ પર સૌથી ઉપર રજી.નં - ગુજરાત -૨ ૮૬૫૦ તેવું છપાવેલ હતું અને બાદમા અનેક જુદા જુદા એજન્ટો મારફતે મોટી રકમ મેળવવા માટે એજન્ટોને કમીશન આપી અને સ્કીમોનો સમયાંતરે ડ્રો ગોઠવતા હતા જેમા મોટા ભાગના ડ્રો રાજકોટથી નજીક આવેલ શિવશક્તિ હોટેલમાં ટિકિટ ખરીદનાર તથા તેમના પરીવારના સભ્યોને ભવ્ય જમણવારની પાર્ટી આપી અને ઈનામી ડ્રો ઉપરાંત એકાદ બે વર્ષમાં નાણાં ડબ્બલ કરી આપવાની લાલચ આપી ઘણા બધા ગ્રાહકો પાસેથી મોટી રકમ પણ ઉઘરાવતા અને આ લોકો આવા ડ્રો અવાર નવાર કરતા હોય તેમજ તેઓની ઓફીસમા એ.સી. ઉપરાંત સાત, આઠ મોબાઈલ ફોન ટેબલ ઉપર રાખી દેખાડો કરી રોકાણકારોનો ભરોસો જીતેલ અને મધ્યમ વર્ગ અને ગરીબ માણસોની મરણ મુડી સમાન બચત સ્ટાર ગૃપમાં સભ્ય તરીકે નિમણુંક આપી વસુલ કરેલ. હાલ પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

# શેઠ ઉપાશ્રય જૈન સંઘ ખાતે સંઘાણી સંપ્રદાયના પૂ. મહાસતીજીઓનો ભવ્યાતિભવ્ય ચાતુર્માસ પ્રવેશ સંપન્ન



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૨૦

શેઠ ઉપાશ્રય જૈન સંઘના આંગણે સૌ પ્રથમવાર ગોંડલ સંઘાણી સંપ્રદાયના શાસન દિપક પૂ. બા.બ્ર. નરેન્દ્રમુનિ મ.સા.ના આજ્ઞાનુવર્તિ સાધક બેલડી પૂ. બા.બ્ર. જય-વિજયબાઈ મહાસતીજીના કૃપાપાત્ર સુશિષ્યાઓ શ્રુતનિધિ પૂ.બા.બ્ર. સાધનાબાઈ મ., સરળ સ્વભાવી પૂ.બા.બ્ર. ચંદનબાઈ મ., સંઘવત્સલા પૂ.બા.બ્ર. વર્ષાબાઈ મ., ભદ્ર પરિણામી પૂ.બા.બ્ર. આરતીબાઈ મ., સ્વાધ્યાયપ્રેમી પૂ.બા.બ્ર. ખ્યાતીબાઈ મ., મધુરકંઠી પૂ.બા.બ્ર. હિનાબાઈ મ આદી ઠાણા-૬ નું ભવ્યાતિભવ્ય ચાતુર્માસ નિમિતે મંગલ પ્રવેશનું આયોજન કરવામાં આવેલ હતુ.

મંગલ ચાતુર્માસ પ્રવેશ શ્રી બેનાણી પરિવારના નિવાસ સ્થાનેથી પ્રારંભ થઈ અને શેઠ ઉપાશ્રય જૈન સંઘ ખાતે સંપન્ન થયેલ હતો. સાધ્વીરત્ના પૂ. સાધનાબાઈ મ., સાધ્વીરત્ના પૂ. સુનિતાબાઈ મ., સાધ્વીરત્ના પૂ. સ્મિતાબાઈ મ., સાધ્વીરત્ના પૂ. વર્ષાબાઈ મ.એ પ્રાસંગિક પ્રવચન ફરમાવેલ હતુ.

ચાતુર્માસનું સંચાલન શ્રી વર્ષાબેન પારેખએ કરેલ હતુ તેમજ વિજયાબા મંડળ અને ગુરૂ ગિરી ગરિમા ગૃપ ના મહિલા મંડળના બહેનોએ કળશ અને અષ્ટમંગલ સાથે શોભાયાત્રા દિપાવેલ હતી. આ ભવ્યાતિભવ્ય ચાતુર્માસ પ્રવેશમાં જૈન પ્રોગ્રેસીવ ગૃપ, ગોંડલ મહિલા મંડળ, પ્રાર્થના મંડળ તથા શ્રી શેઠ ઉપાશ્રય જૈન સંઘ - સેવા સમિતિના સભ્યો એ ભારે જહેમત ઉઠાવેલ હતી. તેમ જણાવ્યું હતું.

# આરટીઈ હેઠળ વંચિત બાળકોને એડમિશન આપવા રજૂઆત કરાઈ



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૨૦

આરટીઈ હેઠળ એડમિશનથી વંચિત ગરીબ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા રાજકોટ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી ખાતે શહેર કોંગ્રેસનાં આગેવાનો વિજયસિંહ જાડેજા, રણજીત મુંધવા, ભાવેશ પટેલ અને જીજ્ઞેશ વાગડિયાએ રજૂઆત કરી હતી. જે લોકો એડમિશનથી વંચિત હોય તેવા તમામ લોકો કોંગ્રેસનો સંપર્ક કરે તેમ જણાવ્યું હતું.(૧.૧૨)

# શહેર ભાજપ મહામંત્રી જીતુ કોઠારી દ્વારા ચૂંટણી સહયોગ નિધિમાં અનુદાન અપાયું



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૨૦

શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીના માર્ગ દર્શન હેઠળ શહેર ભાજપ દ્વારા ચૂંટણી આજીવન સહયોગ નિધી અભિયાન વેગવંતુ બનાવાયુ છે ત્યારે શહેર ભાજપ કાર્યાલય ખાતે શહેર ભાજપ મહામંત્રી જીતુ કોઠારી દ્વારા ચૂંટણી સહયોગ નિધીમાં અનુદાન અપાયુ હતું. આ તકે શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, નિતીન ભારદ્વાજ, શહેર ભાજપ મહામંત્રી જીતુ કોઠારી, કીશોર રાઠોડ, નરેન્દ્રસિહ ઠાકુર, શહરે ભાજપ કોષાધ્યક્ષ અનીલભાઈ પારેખ, શહેર ભાજપ કાર્યાલય મંત્રી હરેશ જોષી, શીક્ષણ સમિતિ ચેરમેન અતુલ પંડીત, પ્રવીણભાઈ ડોડીયા સહીતના અગ્રણીઓ ઉપસ્થિત રહયા હતા.(૧.૧૫)

# રસ્તા પર નડતર ૩૭ રેકડી-કેબિનો જપ્ત કરાઈ

## મનપાની દબાણ હટાવ શાખા દ્વારા કરાઈ કામગીરી



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૨૦

મહાનગરપાલિકાની દબાણ હટાવ શાખા દ્વારા તા.૧૪ જૂનથી ૧૯ જૂન સુધીમાં શહેરમાં જુદી જુદી જગ્યાએ જાહેર માર્ગો પર દબાણ રૂપ એવા રેંકડી-કે બિન, અન્ય ચીજવસ્તુઓ, શાકભાજી-ફળો જપ્તી તેમજ પશુઓને આપવામાં આવતું લીલું, બોર્ડ-બેનરો વગેરે જપ્ત કરવાની કામગીરી કરવામાં આવેલ છે.

જેમ કે, રસ્તા પર નડતર ૩૭ રેંકડી-કેબિનો શિવમ પાર્ક, રેસકોર્ષ ગ્રાઉન્ડ, વિમલ નગર મેઈન રોડ કૃષ્ણનગર મેઈન રોડ, ગાયત્રીનગર, આંનદબંગલા ચોક, જંકશન રોડ, જયુબેલી માર્કેટ, મોચી બજાર, ગુમાનસીંહજી માર્કેટ, મવડી મેઈન રોડ, પટેલ કન્યા છાત્રાલય, પુષ્કરધામ રોડ, પરથી જપ્ત કરવામાં આવી હતી, જુદીજુદી અન્ય ૮૪ પરચુરણ ચીજ વસ્તુઓ જપ્ત કરવામાં આવી હતી જે શાસ્ત્રી મેદાન, શનીવારી બજાર, ગાયત્રીનગર મેઈન રોડ, જ્યુબીલી, મવડી મેઈન રોડ, રેસકોર્ષ ગ્રાઉન્ડ, હોસ્પીટલ ચોક, રેલવે જંક્સન, રૈયા રોડ, બસ સ્ટેશન સામે ઢેબર રોડ, નંદનવન મેઈન રોડ, ચંદ્રેશનગર, કુવાવડા રોડ, પરથી જપ્ત કરવામાં આવી હતી, ૨૮૫ કિ.ગ્રા. શાકભાજી-ફળો કે જે ઉપયોગમાં લઇ શકાય તેમ ન હતા તેને નંદનવન મેન રોડ, પુષ્કરધામ મેઈન રોડ, મવડી મેઈન રોડ, જ્યુબિલી માર્કેટ, રેલ્વે જંક્શન, આંનદ બંગલા ચોક, પરથી જપ્ત કરવામાં આવ્યા હતા, તેમજ રૂ.૬૦,૧૫૦/- વહીવટી ચાર્જ રેલનગર ઢેબર રોડ, ત્રિકોણ બાગ, યુનિવર્સિટી રોડ, ચંદ્રેશનગર રોડ, નાના મૌવા રોડ, રૈયા રોડ, માટેલ ચોક, મોરબી રોડ, પરથી વસુલ કરવામાં આવ્યો હતો, રૂ.૧૯,૦૦૦/- મંડપ ચાર્જ જે રેલ નગર, યાજ્ઞીક રોડ, મવડી રોડ, રૈયા રોડ, સેટેલાઇટ રોડ, નાના મૌવા રોડ, સાધુવાસવાણી રોડમાંથી વસુલ કરવામાં આવ્યો હતો, અને ૬૦ બોર્ડ-બેનરો જે ગોંડલ રોડ, ઢેબર રોડ, ચંદ્રેશનગર મેઈન રોડ, સંતકબીર રોડ, પરથી જપ્ત કરવામાં આવ્યા હતા.

# ૧ જૂલાઈથી સૌ.યુનિ. ખાતે યુ.જી.સી. નેટ પેપરના તમામ વર્ગ શરૂ થશે

## વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ આપવામાં આવશે




**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૨૦

યુ.જી.સી.એ એમ.ફીલ . પી.એચ.ડી. રેગ્યુલેશન -૨૦૦૯ મુજબ દેશભરની યુનિવર્સિટીઓ અને કોલેજોમાં અધ્યાપક થવા માટે યુ.જી.સી. નેટ પરીક્ષા ફરજીયાત કરી છે.

અધ્યાપક તરીકે કારકિર્દી ઘડવા માંગતા ઉમેદવારો માટે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ ખાતે વિનામૂલ્યે તાલીમમાં જોડાવવા માટેની ઉત્તમ તક આપી છે.

આગામી સમયમાં યોજાનાર નેટ પરીક્ષાના વર્ગો સૌરાષ્ટ્ર યુનિર્સિટીમાં SC/ST /OBC (નોન ક્રિમીલેયર) PH / MINORITYનાં વિદ્યાર્થીઓ માટે વિનામૂલ્યે UGC NET જનરલ પેપર નં.૧ના વર્ગો તા.૧૪ જૂલાઈ શુક્રવારથી સમય સવારે ૯ થી ૧૧ના સમયમાં શરૂ થશે. પી.જી.ના ફાઈનલ વર્ષના વિદ્યાર્થીઓ તેમજના વિદ્યાર્થીઓ જોડાઈ શકશે. 'નેટ' કોચીંગના વર્ગોમાં અનુસ્નાતક/ એમ.ફિલ./પીએચ.ડી. હરી તાલીમ વર્ગમાં જોડાવા ઈચ્છતા ઉમેદવારોએ તા. ૩૦-૬ સુધીમાં નેટ કોચીંગ સેન્ટર, સી.સી.ડી.સી. બિલ્ડીંગ, ગ્રાઉન્ડ ફ્લોર, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા પાછળ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ ખાતે તેમનું રજિસ્ટ્રેશન ફોર્મ સાથે બે પાસપોર્ટ સાઈઝના ફોટા, નેટ પરીક્ષાનું ઓનલાઈન ભરેલ એપ્લીકેશન ફોર્મની ઝેરોક્ષ, SC/ ST/OBC (નોન ક્રિમીલેયર) PH / MINOR ITYનો દાખલો સાથે લાવવાનો રહેશે. મર્યાદિત સંખ્યામાં પ્રવેશ આપવાનો હોવાથી વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ આપવામાં આવશે, તેમ જણાવ્યું છે.(૧૩)

# રાજકોટ તાલુકા ભાજપના ઉપપ્રમુખ તરીકે નરેન્દ્રસિંહ ચાવડાની વરણી



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૨૦

ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર.પાટીલ, પ્રદેશ મહામંત્રી તથા સૌરાષ્ટ્ર ઝોન પ્રભારી વિનોદભાઈ ચાવડા, રાજકોટ જીલ્લા ભાજપ સંગઠન પ્રભારી મહેન્દ્રસિંહ સરવૈયા, રક્ષાબેન બોળીયા, જીલ્લા ભાજપા અધ્યક્ષ મનસુખભાઈ ખાચરીયા, જીલ્લા મહામંત્રી નાગદાનભાઈ ચાવડા, મનસુખભાઈ રામાણી, મનીષભાઈ ચાંગેલા સાથે રાજકોટ તાલુકા ભાજપ પ્રમુખ બાબુભાઈ નસીત, મહામંત્રી હિતેશભાઈ ચાવડા તથા ગૌરવસિંહ જાડેજાએ પરામર્શ કરીને તાલુકા ભાજપના ઉપપ્રમુખ તરીકે નરેન્દ્રસિંહ ચાવડાની વરણી કરવામાં આવેલ છે.

# અષાઢી બીજ રથયાત્રા પહેલા યોજાઈ જળયાત્રા



જળયાત્રામાં મોટી સંખ્યામાં સાધુ-સંતોની સાથે ભક્તો પણ જોડાયા



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ: અષાઢી બીજે શહેરમાં યોજાતી રથયાત્રા પહેલા જેઠ પૂનમે જળયાત્રા યોજાતી હોય છે. જે પાછલા બે વર્ષથી ઓછા ભક્તોની હાજરીમાં યોજાતી હતી, પરંતુ હવે કોરોના કાબૂમાં આવતા સ્થિતિ બદલાઈ છે. કળશમાં જળ ભરીને મંદિરમાં લાવવાની વિધિમાં મોટી સંખ્યામાં ભક્તો જોડાયા હતા. આ વર્ષે લોકોને યાત્રા પ્રત્યે વિશેષ ઉત્સાહ અને આનંદ જોવા મળી રહ્યો છે. ત્યારે દર વર્ષની જેમ આ વર્ષે પણ ઐતિહાસિક યાત્રા યોજાશે અને લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. જગન્નાથ મંદિરમાં ઉમટી પડેલા ભક્તોમાં જળયાત્રાને લઈને ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો હતો. હવે રથયાત્રાની તૈયારીઓ પણ આરંભી દેવામાં આવી છે. રથયાત્રા દરમિયાન ખીચડી, મગ, ફળ સહિતના હજારો કિલોના પ્રસાદની તૈયારીઓ પણ હવે જળયાત્રા બાદ આરંભી દેવામાં આવશે. જેના માટે પણ મોટી સંખ્યામાં ભક્તો સ્વયંમ સેવક તરીકે આ કામમાં જોડાતા હોય છે.

# પ્રો.જૈમીન સંઘાણીનો આજે જન્મદિવસ



રાજકોટ: ધોળકીયા ઈન્ટરનેશનલ સ્કૂલનાં પ્રો. જૈમીન જયેશભાઈ સંઘાણીનો આજરોજ જન્મદિવસ છે. તેઓએ આ અગાઉ વી.વી.પી. ઈજનેરી કોલેજનાં ઈલેકટ્રોનીકસ એન્ડ કોમ્યુનીકેશન વિભાગમાં વ્યાખ્યાતા તરીકે ૪ વર્ષથી ફરજ બજાવેલ. પ્રો. જૈમીન જયેશભાઈ સંઘાણીનાં કુલ ૨૦૩ લેકચરની જી.ટી.યુ.ની વેબસાઈટ પર અપલોડ માટે પસંદગી કરવામાં આવી છે. પ્રો. જૈમીન જયેશભાઈ સંઘાણીનાં ડિગ્રી અને ડીપ્લોમાંનાં ઈલેકટ્રોનીકસ એન્ડ કોમ્યુનીકેશન, ઈન્ફોર્મેશન ટેકનોલોજી, ઈલેકટ્રીકલ વિદ્યાશાખામાં ફીઝીકસ, બેઝીક ઈલેકટ્રોનીકસ ડીજીટલ સીગ્નલ પ્રોસેસિંગ, સિગ્નલ સિસ્ટમ, એનાલોગ ઈલેકટ્રોનીકસ, મેથ્સ, વરચ્યુઅલ લેબ ડેમોન્સ્ટ્રેશન, એન્ટેના ડીઝાઈન, ઈલેકટ્રો - મેગ્નેટ, ડેટા સ્ટ્રકચર, રડાર જેવા વિવિધ વિષયો પર શ્રેષ્ઠ લેકચર પસંદ પામ્યા છે. તેઓનાં મોબાઈલ નંબર ૯૪૨૯૫૬૩૪૦૧ પર અભિનંદનની વર્ષા થઈ રહી છે. 'સૌરાષ્ટ્ર ક્રાંતી' પરિવાર તરફથી શુભકામનાઓ...

PACKAGINGHUB
प्रोडकट आपका,
सजावट हमारी ।
Hitesh Kakadia | 93777 75636
6-Mira Udhyog, Plot No.27,
Nr, Ajay Weight Brige Rajkot-360003
www.packaginghub.in e-mail : hitesh@packaginghub.in

## તંત્રી સ્થાનેથી...

### મેઘાલય, ત્રિપુરા અને અસમમાં પૂરથી ભારે તબાહી

અસમ અને મેઘાલયમાં છેલ્લા બે દિવસમાં પૂર અને ભૂસ્ખલનમાં ૩૧ લોકોના મોત થયા છે. અસમના ૨૮ જિલ્લામાં આશરે ૧૯ લાખ લોકો પ્રભાવિત થયા છે, જ્યારે એક લાખ જેટલા લોકો રાહત શિબિરમાં છે. પૂરમાં અસમમાં ૧૨ તો મેઘાલયમાં ૧૯ લોકોના મોત થયા છે. ત્રિપુરાની રાજધાની અગરતલા પણ પૂરનો સામનો કરી રહી છે. શહેરમાં માત્ર ૬ કલાકમાં ૧૪૫ મિમી વરસાદ થયો છે. અસમમાં આશરે ૩ હજાર ગામડામાં પૂર આવ્યું છે અને ૪૩૦૦૦ હેક્ટર કૃષિ ભૂમિ પાણીમાં ડૂબી ગઈ છે. ઘણા બાંધ, પુલ અને રસ્તાને નુકસાન પહોંચ્યું છે. હોજઈ જિલ્લામાં પૂર્વ પ્રભાવિત લોકોને લઈને જઈ રહેલી એક હોડી ડૂબી ગઈ, જેમાં ત્રણ બાળકો લાપતા છે, જ્યારે ૨૧ લોકોને બચાવી લેવામાં આવ્યા છે. અસમ સરકારે પૂર અને ભૂસ્ખલનને કારણે ફસાયેલા લોકો માટે ગુવાહાટી અને સિલચર વચ્ચે વિશેષ ઉડાનોની પણ વ્યવસ્થા કરી છે. આ સાથે મેઘાલયમાં અચાનક આવેલા પૂરે તબાહી મચાવી છે. દક્ષિણ ગારો હિલ્સ જિલ્લાના બાઘમારામાં અચાનક આવેલા પૂરને કારણે ૩ અને સિજૂમાં ભૂસ્ખલનથી એકના મોતના સમાચાર છે. આ સાથે પ્રાકૃતિક આપદામાં મૃત્યુ પામેલા લોકો માટે મુખ્યમંત્રી કાનરાડે વળતરની જાહેરાત કરી છે. ત્રિપુરામાં શુક્રવારથી સતત વરસી રહેલાં વરસાદ બાદ પૂરને કારણે રાજ્યમાં ૧૦ હજારથી વધુ લોકો બેઘર થયા છે. તો છેલ્લા એક મહિનાથી ટ્રેન સેવાને અસર પડી છે. અધિકારીઓએ કહ્યું કે આ વચ્ચે રાષ્ટ્રીય રાજમાર્ગ-૬ પર ભારે વરસાદને કારણે આવેલા ભૂસ્ખલન બાદ ગુરૂવારે ત્રિપુરા અને દેશના બાકી ભાગ વચ્ચે જમીની સંપર્ક તૂટી ગયો. પૂરનો પ્રકોપ પશ્ચિમ ત્રિપુરા જિલ્લામાં અગરતલા અને તેની આસપાસના વિસ્તાર સુધી સીમિત છે, જ્યાં હાવડા નદીનું જળસ્તર ખુબ વધી ગયું છે અને અગરતલા કોર્પોરેશન તથા તેના નિચાણવાળા વિસ્તાર પાણીમાં ડૂબી ગયા છે. પાડોશી રાજ્ય અરૂણાચલ પ્રદેશમાં સુબનસિરી નદીના પાણીએ એક બાંધને જળમગ્ન કરી દીધો છે, જ્યાં એક હાઇડ્રોઇલેક્ટ્રિક પ્રોજેક્ટનું કામ ચાલી રહ્યું હતું. મેઘાલય, અસમ, ઉપ-હિમાલયી પશ્ચિમ બંગાળ અને સિક્કિમના અલગ-અલગ ભાગ પર વધુ વરસાદ નોંધાયો છે અને નાગાલેન્ડ અને ત્રિપુરામાં પણ ભારે વરસાદ થયો છે. મણિપુરના ઇમ્ફાલ વેસ્ટ જિલ્લામાં પૂરને કારણે એક વ્યક્તિના મોત બાદ કુલ મૃત્યુઆંક વધીને સાત થઈ ગયો છે. ઇમ્ફાલમાં શનિવારે સવારે વરસાદ ઓછો થયો પરંતુ થાઉબલ, ઇમ્ફાલ વેસ્ટ અને બિષ્ણુપુરમાં સ્થિતિમાં હજુ સુધાર થયો નથી. રાહત અને બચાવ વિભાગ દ્વારા એક રિપોર્ટમાં જણાવવામાં આવ્યું કે ઇમ્ફાલ વેસ્ટ જિલ્લામાં ડૂબવાથી એક માછીમારનું મોત થયું છે.

# ભત્રીજાએ કાકાને ૨૧ લાખ સામે ખોટા દાગીના ધાબડી દિધા

### ધંધામાં રોકાણ કરવાથી સારો નફો મળશે તેવી લાલચ આપી પૈસા લીધાને સિક્યુરીટી રૂપે ખોટા દાગીના આપી દીધા

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ.તા.૨૦

શહેરના કિસાનપરા-૨માં રહેતા એડવોકેટ મનોજસિંહ કાળુભા જાડેજાએ ગાંધીગ્રામના જીવંતિકાનગર-૨માં રહેતા કૌટુંબિક ભત્રીજા જયેન્દ્રસિંહ ભરતસિંહ જાડેજા સામે છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, કૌટુંબિક ભત્રીજો ફાઇનાન્સનું અને ગાય-ભેંસનો તબેલો ધરાવતા હોય ૨૦૧૬માં બંને ધંધાના વિકાસ માટે રૂપિયાની જરૂરિયાત ઊભી થતા તે મારી પાસે આવ્યા હતા અને ધંધામાં રોકાણ કરવાથી સારો નફો મળશે તેવી લાલચ આપી હતી.

જેથી ત્રણ વર્ષમાં તેને કટકે કટકે રૂ.૨૧.૫૦ લાખ આપ્યા હતા. કૌટુંબિક ભત્રીજા પર વિશ્વાસ ન હોય નાણાં આપ્યા બાદ સમયાંતરે નફાના રકમની માગણી કરી હતી. પરંતુ તે ગોળગોળ વાત કરી વાતને ઉડાડી દેતો હતો. જેથી તેને પોતાની મૂળ રકમ પરત આપી દેવાની વાત કરી હતી. જેથી કૌટુંબિક ભત્રીજાએ હાલ નાણાં બધા રોકાઇ ગયેલા હોવાનું કહ્યું હતું. અને તેને વિશ્વાસ બતાવવા માટે તેની પાસે રહેલા સોનાના ઘરેણાં સિક્યુરિટી પેટે આપ્યા હતા અને રકમ પરત કરૂં ત્યારે ઘરેણાં પરત કરી દેવાની વાત કરી હતી. કૌટુંબિક ભત્રીજાએ આપેલા ઘરેણાંની ખરાઇ કરાવતા તે કોઇ ધાતુના હોવાનું જાણવા મળ્યું હતું. જેથી કૌટુંબિક ભત્રીજાને આ મુદ્દે વાત કરતા તેને તારાથી થાય તે કરી લેજે રૂપિયા પરત આપવાના થતા નથી. અને હવે જો રૂપિયાની માગણી કરીશ તો હું ફિનાઇલ પીને સોશિયલ મીડિયામાં વીડિયો વહેતો કરી ખોટા કેસમાં ફિટ કરાવી દેવાની ધમકી આપી હતી. અંતે પોલીસ ફરિયાદ નોંધાવી છે.

# છૂટાછેડા માટે લાખો રૂપિયાની માંગણી કરતા યુવાનનો આપઘાત

### મૃતકની પત્ની, સસરા અને સાળા સામે પોલીસે ગુનો નોંધ્યો

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ.તા.૨૦

વાવડી આંગનપાર્કમાં રહેતા દિવ્યેશ નામના યુવાને પત્ની, સસરા અને સાળાના ત્રાસથી કંટાળીને શુક્રવારે એસિડ પી આપઘાત કરી લીધો હતો. મૃતકના પિતા મનસુખભાઇ લક્ષ્મણભાઇ જેઠવાએ પુત્રવધૂ વનીતા ઉર્ફે વિધિ, કોઠારિયા સોલવન્ટ પાસે રહેતા વેવાઇ રમેશભાઇ લક્ષ્મણભાઇ કોરિયા અને પુત્રનો સાળો ઉદય સામે આપઘાતની ફરજ પાડવા અંગેની ફરિયાદ નોંધાવી છે. ત્રણ દીકરીઓ વચ્ચે એકના એક દીકરા દિવ્યેશને આપઘાત માટે મજબૂર કરનાર સામે ફરિયાદ નોંધાવનાર મનસુખભાઇની ફરિયાદ મુજબ, પુત્ર દિવ્યેશના દોઢ વર્ષ પૂર્વે વનીતા ઉર્ફે વિધિ સાથે લગ્ન થયા હતા.

લગ્નના ત્રણ મહિના બાદ જ પુત્રવધૂએ ઝઘડાઓ કરવાનું શરૂ કરી દીધું હતું. અને તે અવારનવાર ઝઘડો કરી તેના પિતાને ઘરે જતી રહેતી હતી. પુત્રના લગ્ન જીવનમાં ભંગાણ ન પડે તે માટે પુત્રવધૂને કંઇ કહેતા નહિ. ત્યારે ત્રણ દિવસ પહેલા પુત્રવધૂનો ભાઇ ઉદય સાંજે ઘરે આવી તમે મારી બહેનને કેમ હેરાન કરો છો, હવે હેરાન કરશો તો સારાવાટ નહિ રહે તેમ કહી ગાળો ભાંડી જતો રહ્યો હતો. આમ દિવ્યેશે તેના સાસરિયાના ત્રાસથી આપઘાત કર્યાનું સ્પષ્ટ થયું છે.

# ૫૪ હજારનો દારૂ ભરેલી કાર ક્રાઇમ બ્રાન્ચે પકડી



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ: શહેર વિસ્તારમાં દારૂ તથા જુગારની પ્રવૃતિ નેસ્ત નાબુદ કરવા તથા આવી દારૂ-જુગારની ગેરકાયદેસર પવૃતિ ચાલતી હોય તો કાયદેસરની કાર્યવાહી કરવા સુચના અપાઈ હોઈ ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે એ.એસ.આઇ. રાજદિપસિંહ ગોહીલ તથા કોન્સ. રણજીતસિંહ જાડેજાને મળેલી સંયુકત બાતમી પરથી ખોડીયારપરા મેઇન રોડ, પુનમ કાસ્ટીંગ વાળી શેરીમાંથી એક હોન્ડા સીટી કાર જીજે-૦૩-બીએ-૩૧૩૪ પકડી લેવાઈ હતી. તેનો ચાલક મળ્યો નહોતો. કારમાંથી રૂ.૫૪,૦૦૦નો દારૂ મળતા તે તથા કાર મળી ૧,૫૪,૦૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ તથા ખાસ પોલીસ કમિશનર ખુરશીદ અહેમદ તથા નાયબ પોલીસ કમિશનર ક્રાઇમ ડો.પાર્થરાજસિંહ ગોહિલ તેમજ એ.સી.પી. ક્રાઇમ ડી.વી.બસીયાની સુચનાથી પોલીસ ઇન્સપેક્ટર વાય.બી.જાડેજા તથા પો.ઇન્સ. જે.વી.ધોળા, પીએસઆઇ આર.જે.કામળીયા, એએસઆઇ રાજદિપસિંહ ગોહીલ, હેડકોન્સ. ભરતસિંહ પરમાર, કોન્સ રણજીતસિંહ જાડેજા, ધર્મેન્દ્રસિંહ ઝાલા, રોહીતભાઇ કછોટ અને જયપાલભાઇ બરાળીયા દ્વારા આ કામગીરી કરવામાં આવી છે.

## રાજકોટ ક્રાઇમ

### વેપારીના ખિસ્સામાંથી રોકડ સેરવી લેનાર ઝડપાયો

રાજકોટ: ટંકારાના બંગાવડી ગામે રહેતા અને કાલાવડ રોડ પર સાઇડ પર રેતીનો વેપાર કરતા જયદિપસિંહ મહેન્દ્રસિંહ જાડેજા (ઉ.૨૧) તેના મિત્રો સાથે રેલનગર નજીક ચાની હોટલે ઉભા હતા ત્યારે તેનો મિત્ર પોપટપરામાં રહેતો અને ઇન્સ્યુરન્સ કંપનીમાં મેનેજર તરીકે નોકરી કરતો દિવ્યરાજસિંહ વાઘેલાએ નજર ચુકવી ખિસ્સામાંથી રૂ.૮૮ હજારની રોકડ સેરવી બાઇકમાં નાસી ગયાની પ્ર.નગર પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી રોકડ કબજે કરી છે.

### વેપારીને છરીના બે ઘા ઝીંક્યા

શહેરના જય શક્તિ સોસાયટી-૧માં રહેતા અને આશ્રમ રોડ પર આઇસ્ક્રીમની દુકાન ધરાવતા પ્રથમ સંજયભાઇ સંખાવરા નામનો યુવાન ગત મોડી રાતે દુકાન બંધ કરી કારમાં ઘરે જઇ રહ્યો હતો. ત્યારે રણછોડદાસ બાપુના આશ્રમ પાસે પ્હોંચતા એક બાઇકચાલક રોંગ સાઇડમાંથી આગળ આવી કાર આડે બાઇક નાંખ્યું હતું અને પોતાને કારમાંથી નીચે ઉતાર્યો હતો. પોતે નીચે ઉતરતા બાઇકચાલકે ગાળો ભાંડી તું કાર કેવી રીતે ચલાવે છે, તને આવડે છે કે નહિ, હું પાછળ આવું છું તે દેખાતું નથી. જેથી પોતે સરખી જ કાર ચલાવતો હોવાનું કહેતા તે ઉશ્કેરાય ગયો હતો અને પોતાની સાથે ઝપાઝપી કરી હતી. મામલો વધુ બિચકતા તેને નેફામાંથી છરી કાઢી સાથળમાં અને હાથમાં બે ઘા ઝીંકી દીધા હતા. આ સમયે અહીંથી પસાર થતા લોકો ઊભા રહી જતા તે શખ્સ બાઇક લઇ નાસી ગયો હતો. પ્રાથમિક સારવાર લીધા બાદ બી-ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

### ચુનારાવાડ ચોકમાં કારના કાચ તોડી રોકડ મોબાઇલની ચોરી કરનાર કિશોર સહિત ત્રિપુટી ઝડપાઇ

રાજકોટ. શહેરમાં પોલીસના નાઇટ પેટ્રોલિંગ વચ્ચે ચુનારાવાડ ચોકમાં કારના કાચ તોડી તસ્કરો રોકડ, મોબાઇલ, વોચ સહિત કુલ રૂા . ૮૧ હજારની મત્તા ચોરી કરી ગયાની કોલેજીયન યુવાને ફરિયાદ નોંધાવતા પોલીસે સીસી ટીવી ફુટેજને આધારે કિશોર સહિત ત્રિપુટીને ઝડપી લઇ રૂા. ૮૧ હજારની મત્તા કબ્જે કરી વિશેષ પૂછતાછ કરી છે .

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ૧૫૦ ફુટ રીંગ રોડ પર રામાપીર ચોકડી પાસે શાસ્ત્રીનગરમાં રહેતો અને મારવાડી કોલેજમાં એન્જીનીયરીંગ કોલેજમાં અભ્યાસ કરતો ચમન સીરાજભાઇ માયાણીને મિત્ર સાથે સાધુ વાસવાણી રોડ પર પાટીદાર ચોક પાસે ગ્રાઉન્ડમાં ક્રિકેટ મેચ રમવા જવાનું હોય, રવિવારે સવારે કાર લઇ મિત્ર પ્રતિપાલસિંહ ઝાલાને બેસાડી નાસ્તો કરવા માટે ૮૦ ફુટ રોડ પર ગયા હતા ત્યાંથી કુદરતી હાજતે જવા માટે ચુનારાવાડ ચોકમાં કાર પાર્ક કરી શૌચાલયમાં જઇ પાછા ફરતા કારના કાચ તોડી તસ્કરો રોકડ, બે મોબાઇલ અને સ્માર્ટ વોચ સહિત રૂા. ૮૧,૬૦૦ની મત્તા ચોરી કરી ગયાની ફરિયાદ નોંધાવતા થોરાળા પોલીસે ગુનો નોંધી કાર્યવાહી કરી હતી. દરમિયાન પીઆઇ દેસાઇ સહિતે તપાસ કરતા તસ્કરો સીસી ટીવીમાં કેદ થઇ ગયા હોય, ચુનારાવાડમાં રહેતો નામચીન અજય ઉર્ફે અજી સંજયભાઇ સોલંકી, ઋત્વીક પ્રભુદાસ ઘાટલીયા (રહે. મોરબી જકાતનાકા પાસે રાધામીરા સોસાયટી) અને એક કિશોરને ઉઠાવી લઇ તેની પાસેથી રોકડ, મોબાઇલ, વોચ કબ્જે કરી વધુ પૂછતાછ કરી છે.

# રાજકોટના કિટીપરામાં દૂધના ધંધાર્થીની હત્યા



### આરોપીને સકંજામાં લેવા તજવીજ: પ્ર.નગર પોલીસ દોડી ગઈ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)**
રાજકોટ.તા.૨૦

શહેરના કિટીપરામાં યુવાનની હત્યાનો બનાવ સામે આવ્યો છે. ગાયકવાડી વિસ્તારમાં રહેતો જાકીર જુણેજા આજે સવારે ૩.૩૦ વાગ્યે પોતાના વાડા તરફ ભેંસ દોહવા જતો હતો. ત્યારે કિટીપરામાં પોતાના મિત્ર સુનિલના ઘરે માંડવો હોય તો સાથે ચા પણ લઇને ગયો હતો. બાદમાં નશાની હાલતમાં ટુ-વ્હિલરમાં આવેલા વીકીએ જાકીર સાથે ઝઘડો કર્યો હતો. બાદમાં જાકીરે પોતાના પિતરાઇ ભાઇ આસિફને ફોન કરી બોલાવ્યો હતો. પરંતુ ઉશ્કેરાયેલા વીકીએ આસિફના પેટમાં છરીનો ઘા ઝીંકી ફરાર થઇ ગયો હતો. બાદમાં આસિફને સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. પરંતુ અહીં ફરજ પરના તબીબે મૃત જાહેર કરતા બનાવ હત્યામાં પલટાયો છે.

આ બનાવમાં પ્રાપ્ત વિગત મુજબ મૃતક આસિફ જુણેજાનો ભાઇ જાકીર ઉર્ફે જાહિદ જુણેજા આજે વહેલી સવારે ૩.૩૦ વાગ્યે ગાયકવાડીમાં પોતાના ઘરેથી એક્સેસ સાથે ભેંસ દોહવા માટે પોતાના વાડા તરફ જતો હતો. ત્યારે કિટીપરામાં તેના મિત્ર સુનિલ પરમાર ઘરે માતાજીનો માંડવો હોય સાથે ચા પણ લઇ ગયો હતો. સુનિલ અને જાકીર બન્ને મિત્રો ઉભા હતા. આ સમયે વીકી ઉર્ફે અશોક પરમાર નામનો શખ્સ નશાની હાલતમાં આવ્યો હતો. વીકીએ જાકીરને એક્સેસ પરથી પછાડી દીધો હતો અને ગાળો બોલવા માંડ્યો હતો. આથી જાકીરે તેના પિતરાઇ ભાઇ આસિફ જુણેજાને ફોન કર્યો હતો.

પિતરાઇ ભાઇના ફોનથી આસિફ કિટીપરા ખાતે પોતાના ભાઈ પાસે આવી પહોંચ્યો હતો. બાદમાં નશાની હાલતમાં રહેલો વીકી ઉશ્કેરાયો હતો અને આસિફના પેટના ભાગે છરીનો ઘા ઝીંકી નાસી ગયો હતો. લોહીલૂહાણ હાલતમાં આસિફને રીક્ષામાં બેસાડી સિવિલ હોસ્પિટલ લઈ જવાયો હતો. પરંતુ ફરજ પરના તબીબે મૃત જાહેર કરતા બનાવ હત્યામાં પલટાયો છે. ઘટનાની જાણ થતા પોલીસ સિવિલ હોસ્પિટલ દોડી ગઈ હતી અને મૃતદેહની પીએમ માટે હોસ્પિટલ ખસેડી હત્યારાની શોધખોળ હાથ ધરી છે. આસિફના મૃતદેહને પીએમ રૂમમાં ખસેડાતા હોસ્પિટલે પરિવારજનો આવી પહોંચ્યા હતા. પોલીસે હોસ્પિટલે પણ પરિવારજનોના નિવેદન નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. આસિફના મોતથી પરિવારમાં માતમ છવાય ગયો છે.

# પરણીતાને આપઘાત માટે મજબુર કરનાર પતિ - સસરા સામે નોંધાતો ગુન્હો

### નવાગામ પાસે દિવેલીયા પરામાં બનાવ: 'તું તારા બાપના ઘેરથી કાંઈ લાવી નથી' તેમ કહી ત્રાસ અપાતો

**(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)**
રાજકોટ.તા.૨૦

શહરેના નવાગામ નજીક દિવેલીયાપરામાં રહેતી પરિણીતાએ પોતાના ઘેર ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા કુવાડવા પોલીસે તપાસ કરતા સસરા અવાર - નવાર કહેતા 'તું તારા બાપના ઘેરથી કાંઈ લાવી નથી' અને તને કાંઈ કામ આવડતું નથી તેમજ પતિને અન્ય સ્ત્રી સાથે સંબંધ હોય ઝઘડાઓ કરી માથાકૂટ કરી ત્રાસ આપતા હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવતા પીએસઆઈ વળવી સહિતના સ્ટાફે પતિ રાહુલ અને સસરા ચનાભાઈ સામે ગુનો નોંધી તેની ધરપકડ કરવાની કાર્યવાહી કરી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ચોટીલાના રેશમીયા ગામે રહેતા સોનલબેનના ભાઈ સવજીભાઈ વિઠલભાઈ પરાણીયાએ કુવાડવા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યું હતું કે મુળ વિંછિયાના છાસીયા અને હાલ દિવેલીયા પરામાં રહેતો રાહુલ ચનાભાઈ તલવાડીયા સાથે થયા હતા લગ્ન દરમિયાન સંતાનમાં એક ૧૦ માસની પુત્રી હોવાનું જણાવ્યું હતુ. વધુમાં જણાવ્યું હતું કે આઠેક માસ પહેલા સોનલબેન રિસામણે આવ્યા હતા તેની પૂછતાછ કરતા તેના પતિ કારખાને કામે જાય છે ત્યા કામે આવતી અન્ય સ્ત્રી સાથે સંબંધ હોય જેથી તેને મને રાખવી ન હોય સાસુ - સસરા સહિતના ઝઘડાઓ કરી ત્રાસ આપતા હોવાનું જણાવતા પુત્રીનો વિચાર કરી સમજાવી મોકલતા એકાદ માસ પૂર્વે સોનલબેન ફરી રિસામણે આવી કહેલ કે મને મારકૂટ કરી કહેલ કે જો તું મરી જા તો તેને અમો ઘરમા બેસાડી દઈશું જેથી પતિ સહિતનાઓના ત્રાસથી કંટાળી ગયાનું જણાવતા ફરી તેને સમજાવી તેના ઘેર મૂકી આવ્યા હોય શનિવારે સાંજે મામા વિજયભાઈનો ફોન આવેલ જેને કહેલ કે તારા બેન સોનલને પતિ રાહુલ અને સસરા ચનાભાઈ મારકૂટ કરી ત્રાસ આપે છે. જે અંગે તેને મારા ઘેર ફોન કરી જાણ કરી હોવાનું જણાવ્યું હતુ જેથી બે દિવસ પછી ત્યા સમજાવવા જવાનું પરિવારેજનોએ જણાવતા રવિવારે સોનલબેને પગલુ ભર્યાનું મામાએ જણાવતા પીએસઆઈએ પતિ અને સસરા સામે મરવા મજબૂર કર્યા સહિતનો ગુનો નોંધી તેની ધરપકડ કરવાની કાર્યવાહી કરી છે .

### કોઠારીયા રોડ પરના રાધાકૃષ્ણનગરમાં બનાવ

# તારા પેટમાં રહેલું બાળક મારૂ નથી કહી પરણીતાને ત્રાસ

### મહિલા પોલીસે સાસરીયાઓ સામે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરવાની કાર્યવાહી કરી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ.તા.૨૦

રાજકોટ શહેરના કોઠારીયા રોડ પર આવેલા રાધાકૃષ્ણનગરમાં રહેતી અને હાલ દૂધસાગર રોડ પર રિધ્ધિ - સિધ્ધિ સોસાયટીમાં માવતરના ઘેર રહેતી ભાવિકાબેન અમિતભાઈ કુડેચા ( ઉ . વ .૨૪ ) નામની મહિલાને પતિ અમિત , સાસુ હંસા અને સસરા કેશુ ચકુભાઈ કુડેચા અવાર - નવાર ઝઘડા કરી મારકૂટ કરી ત્રાસ આપતા હોવાની ફરિયાદ નોંધાવતા મહિલા પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરવાની કાર્યવાહી કરી છે . પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ભાવિકાબેને ફરિયાદ નોંધાવી હતી જેમાં લગ્નના ત્રણ માસ બાદ સગર્ભા હોય પતિ તેને કહેતા કે આ બાળક મારૂ નથી તેમ કહી શંકાઓ કરતા તેમજ સાસુ - સસરા આ બાળક અમારે જોઈતું નથી કહી ત્રાસ આપતા હોય જેથી કંટાળી જઈ રીસામણે ચાલી જતા જ્યાં શ્રીમંતનો પ્રસંગમાં માવતરના ઘેર આવેલ નહી અને ફોન પણ કરેલ નહી. દરમિયાન પુત્રનો જન્મ થતાં પતિ સહિતનાઓ સમાધાન કરી તેડી ગયા બાદ ફરી ઝઘડાઓ કરી ત્રાસ આપતા હોવાનું જણાવતા મહિલા પોલીસે વધુ કાર્યવાહી કરી છે .




**આઠમા યોગ દિવસની થીમ માનવતા માટે યોગ**

# આંતરરાષ્ટ્રીય યોગ દિવસની રાજયકક્ષાની ઉજવણી સાબરમતી રીવરફ્રન્ટ ખાતે થશે

## યોગ બોર્ડ દ્વારા રાજયમાં ૭૫૦થી વધુ યોગ કોચ અને ૬૦,૦૦૦થી વધુ યોગ ટ્રેનર તૈયાર કરાયા




(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
ગાંધીનગર, તા.૨૦

દર વર્ષે અલગ અલગ થીમ પર આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષે સમગ્ર વિશ્વ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ માનવતા માટે યોગ (Yoga for Humanity)ની થીમ પર ઉજવશે. વર્ષ ૨૦૧૫માં સદભાવ અને શાંતિ માટે યોગ, વર્ષ ૨૦૧૬માં કનેક્ટ ધ યુથ, વર્ષ ૨૦૧૭માં સ્વાસ્થ્ય માટે યોગ, વર્ષ ૨૦૧૮માં શાંતિ માટે યોગ, વર્ષ ૨૦૧૯માં કલાઈમેટ એક્શન, વર્ષ ૨૦૨૦માં યોગ એટ હોમ-યોગ વિથ ફેમિલી, વર્ષ ૨૦૨૧માં યોગ ફોર વેલબીઈંગ જેવી વિવિધ થીમ પર આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

આખું વિશ્વ વિશાળ જનભાગીદારી સાથે યોગ દિવસની ઉજવણી કરવાનું છે ત્યારે ગુજરાતના સવા કરોડ નાગરિકો યોગમય ગુજરાત અભિયાનમાં સહભાગી થશે. આંતરરાષ્ટ્રીય યોગ દિવસની રાજયકક્ષાની ઉજવણી મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને અમદાવાદના સાબરમતી રીવરફ્રન્ટ ઈવેન્ટ સેન્ટર ખાતે થશે. જેમાં ૭૫૦૦ લોકો જોડાશે. રાજ્યના દરેક ગામ, તાલુકા, શહેર, જિલ્લા, નગરપાલિકા, મહાનગરપાલિકા સાથો સાથ શાળાઓ, કોલેજો, યુનિવર્સિટીઓ, આરોગ્ય કેન્દ્રો પોલીસ હેડ ક્વાર્ટર, રાજ્યની જેલો તથા તમામ જાહેર સ્થળોએ વિશાળ સંખ્યામાં નાગરિકો ભેગા મળી યોગ કરી સ્વસ્થ રાષ્ટ્રના નિર્માણમાં પોતાનું અમૂલ્ય યોગદાન આપશે.

સમગ્ર દેશમાં આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી થઈ રહી છે ત્યારે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સુદ્રઢ માર્ગદર્શન અને રમતગમત મંત્રી હર્ષભાઈ સંઘવીના આયોજન હેઠળ રાજયના ધાર્મિક, પ્રવાસન, ઐતિહાસિક તથા શૈક્ષણિક મહત્વ અને કુદરતી સૌંદર્ય ધરાવતા ૭૫ આઇકોનિક સ્થળો જેવા કે સાબરમતી રિવરફ્રન્ટ, સ્ટેચ્યૂ ઓફ યુનિટી, કચ્છનું સફેદ રણ તથા મોઢેરા સૂર્યમંદિર ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવશે.

ગુજરાતના ખૂણે ખૂણે યોગનો પ્રચાર-પ્રસાર થાય તે માટે ચલાવવામાં આવી રહેલા યોગમય ગુજરાત અભિયાનને વધુ સફળ બનાવવા ગુજરાત રાજય યોગ બોર્ડ દ્વારા રાજ્યમાં ૭૫૦થી વધુ યોગ કોચ અને ૬૦૦૦૦થી વધુ યોગ ટ્રેનર તૈયાર કરવામાં આવ્યા છે. ઉપરાંત રાજ્યભરમાં ૫૦૦૦ થી વધુ યોગ ક્લાસ શરૂ કરવામાં આવ્યા છે. ગુજરાત રાજય યોગ બોર્ડના ચેરમેન યોગસેવક શીશપાલજીએ સમગ્ર રાજ્યના અલગ અલગ જિલ્લાઓમાં પ્રવાસ કરી ૩૦૦થી વધુ યોગ સંવાદ અને યોગ શિબિરો કરી યોગની જનજાગૃતિ ફેલાવવાના કાર્યક્રમો કર્યા છે.

મહત્વપૂર્ણ છે કે, ગુજરાતમાં યોગનો વધુને વધુ પ્રચાર-પ્રસાર થાય, યોગની પ્રવૃત્તિઓ વધુ વેગવંતી બને અને સ્વસ્થ ગુજરાત થકી સ્વસ્થ ભારત બને તે માટે ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવુતિઓ વિભાગ અંતર્ગત યોગ બોર્ડની રચના કરવામાં આવી હતી. આ બોર્ડનો હેતુ રાજ્યના દરેક નાગરિકને સ્વસ્થ જીવનશૈલી અને નિરોગી જીવન જીવવા માટે પ્રોત્સાહિત કરવા તથા લોકોમાં યોગ પ્રત્યે જાગૃતતા ફેલાવવાનો છે.

આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઘોષણા થતાની સાથે જ વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વવાળી કેન્દ્ર સરકારના એજન્ડામાં પ્રમુખ સ્થાને યોગ વિષયનો સમાવેશ થયો. વર્ષ ૨૦૧૫માં માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા એન.સી.ઈ.આર.ટી ના અભ્યાસક્રમમાં અને ત્યાર બાદ દેશની ઘણી યુનિવર્સિટીઓના અભ્યાસક્રમમાં યોગ વિષયનો ઉમેરો કરવામાં આવ્યો છે.

# ખોડલધામ મંદિર ખાતે યોગ દિવસની ભવ્ય ઉજવણી થશે



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૦

ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા ૨૧ જૂન ને મંગળવારના રોજ ખોડલધામ મંદિર ખાતે યોગ દિવસની ભવ્ય ઉજવણી થશે. શ્રી ખોડલધામ મંદિરે યોજાનાર યોગ ઈવેન્ટનું શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ઓફિશિયલ ફેસબુક પેઈજ તેમજ યૂ-ટ્યૂબ ચેનલ પર લાઈવ પ્રસારણ થશે. યોગ ઈવેન્ટનો સર્વે ભાવિક-ભક્તોને લાભ લેવા શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલ સહિત ટ્રસ્ટી મંડળ દ્વારા અનુરોધ કરાયો છે. આ કાર્યક્રમમાં સવારે ૬ કલાકે માં ખોડલની આરતી કરવામાં આવશે. ત્યારબાદ શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલ પ્રાસંગિક સંબોધન કરશે અને ત્યારબાદ યોગ નિષ્ણાત દ્વારા વિવિધ આસનો, યોગ, પ્રાણાયામ કરાવવામાં આવશે. આ કાર્યક્રમ દેશ-વિદેશમાં વસતાં લોકો ઘરે બેઠા નિહાળી શકે અને યોગ કરી શકે તે માટે શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ઓફિશિયલ ફેસબુક પેઈજ, યુટ્યૂબ ચેનલ અને વેબસાઈટ પર લાઈવ કરવામાં આવશે. આ ઉપરાંત લોકો મંદિરે પણ આ કાર્યક્રમમાં જોડાઈને યોગ કરી વિશ્વ યોગ દિવસની ઉજવણીમાં સહભાગી થઈ શકશે. તેમ જણાવ્યું છે.

### રાજકોટ બાર એસોસિએશન દ્વારા સૌપ્રથમ વાર

# ‘વિશ્વ યોગ દિવસ’ નિમિતે સમૂહ યોગનું આયોજનઃ અર્જુન પટેલ



રાજકોટઃ રાજકોટ બાર એસોસિએશનના પ્રમુખ અર્જુનભાઈ પટેલ, અજયભાઈ જોષી અને અલ્પાબેન શેઠએ ‘સૌરાષ્ટ્ર ક્રાંતી’ ની મુલાકાત લીધી હતી.

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૦

રાજકોટ બાર એસોસિએશનના ઇતિહાસમાં સૌપ્રથમ વાર તમામ જજીસ, કોર્ટ કર્મચારી તથા એડવોકેટસ અને તેના ફેમિલીની હેલ્થને ધ્યાનમાં રાખી, તા.૨૧ ના રોજ ‘વિશ્વ યોગ દિન’ નિમિત્તે રાજકોટ સિવિલ કોર્ટ કમ્પાઉન્ડમાં સમૂહ યોગ અભ્યાસનું આયોજન કરવામાં આવેલ છે.

રાજકોટ બાર એસો. ના યુવા પ્રમુખ અર્જુનભાઈ પટેલ, ઉપપ્રમુખ એસ.કે. જાડેજા, સેક્રેટરી પી.સી.વ્યાસ તથા સમગ્ર કારોબારી ટીમની યાદીમાં જણાવવામાં આવેલ છે કે, ન્યાયતંત્ર સાથે સંકળાયેલ ન્યાયધીશઓ તથા વકીલ મિત્રો જે ફેકલ્ટી સાથે જોડાયેલા છે તેમાં પક્ષકારોને ન્યાય અપાવવા માટે તેઓએ સતત સક્રિય અને જાગૃત રહેવું પડે છે. તેના કારણે સ્ટ્રેસ અને અન્ય માનસિક, શારીરિક બિમારીઓ આવવાની શકયતા વધી જાય છે. ન્યાયતંત્ર સાથે સંકળાયેલ લોકોની જીવનશૈલીના કારણે સ્ટ્રેસ, બ્લડપ્રેશર, ડાયાબીટીશ, માઈગ્રેન, કોલેસ્ટ્રોલ વિગેરે બિમારીઓ ઝડપથી આવવાની શકયતા પણ વધી જાય છે.

રાજકોટ બારના પ્રેસિડેન્ટ અર્જુન પટેલએ જણાવ્યા મુજબ તેઓ તથા તેમની બોડી વકીલોના સર્વાંગી વિકાસ, હિત અને સુરક્ષા માટે સદૈવ તત્પર છે. વકીલોના સ્વાસ્થ્યને પ્રથમ પ્રાધાન્યતા આપી તેઓએ રાજકોટ બારના ઈતિહાસમાં સૌપ્રથમ વાર ‘વિશ્વ યોગ દિન’ નિમિતે સમૂહ યોગ અભ્યાસનું આયોજન કરેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે સમૂહ યોગ અભ્યાસ સરકારના આયુષ મંત્રાલયના પ્રોટોકોલ પ્રમાણે એડવોકેટ અલ્પાબેન વિકાસભાઈ શેઠ તથા તેની ટીમ કરાવશે. અલ્પાબેન વિકાસભાઈ શેઠ છેલ્લા છ વર્ષથી રામકૃષ્ણ આશ્રમ ખાતે યોગ માટે માનદસેવા આપે છે. અને તેઓ હેલ્થ રીલેટેડ યોગ એકસ્પર્ટ છે. જેઓ ભૂતકાળમાં રાજકોટના તમામ સ્વિમિંગ પુલમાં એકસાથે ‘એકવાયોગા’ મહિલાઓને કરાવી ચૂકેલ છે. તેમજ અન્ય સહકારી અને સરકારી સંસ્થાઓમાં નિઃશુલ્ક યોગ બાબતેનું માર્ગદર્શન સમયાંતરે પુરૂ પાડતા આવેલ છે.

રાજકોટ બાર એસો.ના પ્રેસિડેન્ટ જણાવે છે કે, આ યોગ અભ્યાસનું આયોજન તા.૨૧ ના રોજ સવારે ૬-૩૦ થી ૮ દરમ્યાન લેશે. તેમાં ભાગ લેનાર દરેક વ્યકિતએ વ્હાઈટ ડ્રેસ કોડ તથા મેટ્રેસ સાથે હાજર રહેવા અને બહોળી સંખ્યામાં લાભ લેવા વકીલો, ન્યાયાધીશો અને ન્યાયતંત્ર સાથે સંકળાયેલ તમામ કર્મચારીઓ અને તમામના ફેમિલી મેમ્બર્સએ લાભ લેવા જણાવ્યું છે.

# આંતરરાષ્ટ્રીય યોગ દિવસની જિલ્લા કક્ષાની ઉજવણી રાજકુમાર કોલેજ ખાતે થશે



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૦

**રાજકોટ કલેકટરે યોગ દિવસના આયોજન અંગે સુચનાઓ આપી**

૨૧ જૂનનો દિવસ માનવતા માટે યોગ થીમ પર આંતરરાષટ્રીય યોગ દિવસ તરીકે ઉજવવામાં આવનાર છે ત્યારે આંતરરાષટ્રીય યોગ દિવસની રાજકોટમાં જિલ્લા કક્ષાની ઉજવણી રાજકુમાર કોલેજ ખાતે કરવામાં આવનાર છે.જિલ્લા કલેકટર અરૂણ મહેશ બાબુએ રાજકુમાર કોલેજની મુલાકાત લઈને યોગ દિવસના આયોજન અંગે જરૂરી સુચનાઓ આપી હતી. કલેક્ટરની આ મુલાકાત દરમ્યાન જીલ્લા વિકાસ અધિકારી દેવ ચૌધરી, પ્રાંત અધિકારી એ.કે.ચૌધરી, જિલ્લા યુવા વિકાસ અધિકારી ડી.જે. વાઘેલા, પ્રોટોકોલ મામલતદાર ઝાલા, પશ્ચિમ મામલતદાર જાનકી પટેલ, માર્ગ અને મકાન વિભાગના અધિકારી રાજેશ્વરી નાયર સહિતના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# ‘વિશ્વ યોગ દિવસ’ અંતર્ગત શહેરના તમામ વોર્ડમાં યોગના કાર્યક્રમ યોજાશે



### શહેરીજનોને યોગમાં જોડાવવા અપીલ કરતા : કમલેશ મિરાણી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૦

શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, મહામંત્રી જીતુ કોઠારી, કિશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુરની એક સંયુક્ત અખબારી યાદીમાં જણાવાયું છે કે આવતીકાલે તા.૨૧ જૂન સોમવારના રોજ વિશ્વ યોગ દિવસ છે.

ત્યારે શહેરના ૧૮ વોર્ડમાં ૮૪ સ્થળો પર શહેર ભાજપ દ્વારા યોગા કાર્યક્રમ યોજવામાં આવેલ છે. જેમાં શહેરના જાણીતા યોગગુરૂઓએ ઉપસ્થિત રહી યોગા કરાવશે.

આ તકે કમલેશ મિરાણીએ જણાવેલ કે દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સામુહિક યોગની શરૂઆત ગુજરાતમાંથી કરી અને આજે વિશ્વભરના લોકો નરેન્દ્રભાઈ મોદીના આ સંકલ્પને સાર્થક કરી રહયા છે ત્યારે આંતરાષ્ટ્રીય યોગ દિવસનું શ્રેય પણ નરેન્દ્રભાઈ મોદીના ખાતામાં જાય છે. ત્યારે કોરોના જેવી મહામારીની સામે લડવા માટે પણ યોગ ખરા અર્થમાં એક શસ્ત્ર બનેલ ત્યારે તા.૨૧ જૂન યોગ દિવસ અંતગર્ત રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ અને પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર પાટીલજીના નેતૃત્વમાં અને પ્રદેશ ભાજપની યોજના અનુસાર સમગ્ર ગુજરાતભરમાં ભારતીય જનતા પાર્ટી દ્વારા યોગા કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ, ત્યારે શહેર ના વિવિધ સ્થળોએ યોજાનાર યોગ દિવસ કાર્યક્રમાં શહેર ભાજપના વિવિધ આગેવાનો ઉપસ્થિત રહેશે.

ત્યારે યોગએ જ આરોગ્યના નરેન્દ્રભાઈ મોદીના મંત્રને સાર્થક કરવા તમામ શહેરીજનોને યોગ દિવસ કાર્યક્રમમાં જોડાવવા શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, મહામંત્રી જીતુ કોઠારી, કીશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુર એ જાહેર અનુરોધ કર્યો હતો.

# આર્યસમાજ હાથીખાના દ્વારા યોગાસનનો કાર્યક્રમ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૦

આર્યસમાજ હાથીખાના રાજકોટ દ્વારા વિશ્વ યોગ દિવસ નિમિતે આર્યસમાજ માયાણીનગર ખાતે તા.૨૧ ને મંગળવારના રોજ સવારે ૬:૩૦ થી ૭:૩૦ કલાકે ભાઈઓ માટે યોગ, આસન, પ્રાણાયમ અને સુક્ષ્મ વ્યાયામ આર્યસમાજના પુરોહિત શિવમ શાસ્ત્રીજી દ્વારા કરાવવામાં આવશે.

બહેનો માટે સાંજે ૪ થી ૫ કલાકે યોગ, આસન, પ્રાણાયમ અને સુક્ષ્મ વ્યાયામનો વિશેષ કાર્યક્રમ રાખેલ છે. આર્યસમાજ માયાણીનગરમાં બહેનો માટે દરરોજ સાંજે ૪ થી ૫ દરમ્યાન નિઃશુલ્ક યોગ કક્ષા ચાલે છે.

વિશ્વ યોગ દિવસ નિમિતે આર્યસમાજના શાસ્ત્રીજી દ્વારા યોગ વિશેનું મહત્વ સમજાવવામાં આવશે. તેમ પ્રમુખ રણજીતસિંહ પરમાર, ઉપપ્રમુખ નટવરસિંહ પરમાર, કોષાધ્યક્ષ વલ્લભભાઈ વિપરીયા, મંત્રી વિજયભાઈ બોરીચા, સહમંત્રી મૌલિકભાઈ ડોડીયાએ જણાવ્યું છે.

# મોડેલ ડે સ્કૂલ સણોસરામાં તાલુકા કક્ષાનો વિશ્વ યોગ દિવસની ઉજવણી થશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૦



આઝાદી કા અમૃત મહોત્સવ નિમિત્તે આવતીકાલે ચોટીલામાં તાલુકા કક્ષાનો વિશ્વ યોગ દિવસની ઉજવણી ગ્રામ્ય કક્ષાનો મોડેલ ડે સ્કૂલ સણોસરામાં ઉજવણી થવાની છે. ત્યારે એની પૂર્વ તૈયારી સાથે શાળાના સ્ટાફ ગણ અને વિદ્યાર્થીઓને યોગાસન, પ્રાણાયામ, સૂર્ય નમસ્કાર વગેરેની પ્રેક્ટિસ કરી રહ્યા છે. આ યોગ દિવસની ઉજવણી NCCના કેડેટ્સ અને NSS ૧૦૦ સ્વયંસેવકો ભાગ લેશે સાથે-સાથે પ્રધાનમંત્રીનું લાઇવ પ્રસારણ નિહાળવામાં આવશે. આ કાર્યક્રમમાં ગ્રામ કક્ષાનો હોવાથી મામલતદાર, TPO, BRC, CRC, સરપંચ, યોગાસના ટ્રેનર હાજર રહેશે અને ગામડાની શાળાઓના વિદ્યાર્થીઓ ભાગ લેશે.

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

## અગ્નિપથનાં વિરોધમાં આજે ‘ભારત બંધ’: તમામ રાજયોમાં હાઈએલર્ટ

ચકાજામ કરી દીધો હતો. દક્ષિણ રેલવે એ ચેન્નઈ સહિતનાં તમામ રેલવે સ્ટેશનો પર પ્લેટફોર્મ ટિકિટ ઓછી સંખ્યામાં વેચવાનો આદેશ આપ્યો છે. દિલ્હીમાં ટ્રાફિક નિયંત્રિત કરવા માટે પોલીસે ખાસ વ્યવસ્થા ગોઠવી છે. બંધને કારણે લોકોને અગવડ ન પડે એ માટે કેટલાક વૈકલ્પિક માર્ગ નક્કી કરવામાં આવ્યા છે. બસોને નવી દિલ્હી વિસ્તારની નજીક આવવાની મનાઈ કરવામાં આવી છે. પંજાબનાં લુધિયાણા સહિતનાં રેલવે સ્ટેશનો પર સજ્જડ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. સલામતી દળોને બંદોબસ્ત ઉતારવામાં આવ્યા છે. યુપીનાં ગોરખપુરમાં અચાનક ટ્રેનો રદ થતા સેંકડો ઉતારુંઓ રેલવે સ્ટેશન પર અટકાઈ પડ્યા હતા. પશ્ચિમ બંગાળનાં હાવરા બ્રિજ જંકશન, શાલીમાર સ્ટેશન તથા બિહારનાં પટણામાં ડાક બંગલા વિસ્તાર તથા રેલવે સ્ટેશન પર જંગી સંખ્યામાં સુરક્ષા દળો અને પોલીસ તૈનાત કરવામાં આવ્યા છે.(૨.૧૨)

## કામદારોને રહેવા માટે શ્રમ નિકેતન ઉભા કરવાની યોજનાનો શુભારંભ

ગુજરાતમાં મોટા પાયે કાર્યરત ઉદ્યોગોમાં રોજગારી માટે આવતા રાજયના અને અન્ય રાજયના શ્રમયોગીને આવાસ યોજનાનો લાભ મળશે. એટલે એમની રહેવાની મુશ્કેલી મહદ અંશે નિવારી શકાશે. ગુજરાતમાં આવા પ્રથમ શ્રમ નિકેતન ઉભા કરવા સાળગ જીઆઇડીસી એસો. તથા વેરફેર કમિશનર, શ્રમયોગી કલ્યાણ ગ્રોથ વચ્ચે મુખ્યમંત્રીની હાજરીમાં એમઓયુ સમપંન થયા હતા. સાળગમાં સાત માળની શ્રમયોગી હોસ્ટેલ બનશે. જેમાં શ્રમ યોગી કલ્યાણ કેન્દ્ર, મલ્ટી પર્પઝ હોલ અને ડાઇનીંગ હોલની સુવિધા હશે. આ હોસ્ટેલમાં એક હજારથી વધુ શ્રમયોગી રહી શકશે. સીંગલ બેડ, ડબલ બેડ તથા ચાર, આઠ, બાર અને ચોવીસ વ્યકિતઓ રહી શકે એવા રૂમ પણ બનાવવામાં આવશે. અંદાજી રૂ.૧૦ કરોડના ખર્ચે ૨૮ મહિનામાં પીપીપી ધોરણે કામગીરી પુરી કરવામાં આવશે.(૨.૧૧)

## અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં જબરી અફરાતફરી, હજારો દર્દીઓને હાડમારી

તબીબો અલગ મુદ્દા પર હડતાલ પર ઉતરી ગયા છે. સિનિયર રેસીડન્ટ તબીબોને સરકારે હોસ્ટેલ ખાલી કરી દેવાનો પણ આદેશ આપ્યો છે. બોન્ડ સેવામાં રાહત આપવાની માંગણી સાથે અમદાવાદની જેમ વડોદરાના સિનિયર રેસીડન્ટ તબીબો પણ હડતાલ પર ઉતરી જતા આરોગ્ય સેવાને માઠી અસર થઇ છે. વડોદરામાં સિવિલની બહાર ઉભા રહીને તબીબોએ ઉગ્ર દેખાવો શરૂ કર્યા છે. (૨.૧૧)

## આખરી વન-ડે વરસાદમાં ધોવાયો, બન્ને ટીમો સંયુકત વિજેતા જાહેર

કરીને ટી૨૦ વર્લ્ડ કપ માટેની ટીમ તૈયાર કરવાની રૂપરેખા મળી રહે. સીરિઝમાં ઈશાન કિશન, હાર્દિક પંડ્યા અને દિનેશ કાર્દિક બેટિંગમાં પ્રભાવશાળી દેખાવ કર્યો હતો. જ્યારે પ્રથમ ટી૨૦ને બાદ કરતાં ઝડપી બોલર ભુવનેશ્વર કુમાર લયમાં જોવા મળ્યો હતો. સ્પિરન યુઝવેન્દ્ર ચહલ પણ અસરકારક સાબિત થયો તો યુવાન ઝડપી બોલર અવેશ ખાને પણ પોતાના પ્રદર્શનથી લોકોને પ્રભાવિત કર્યા છે. જોકે, રિશભ પંતની બેટિંગ ભારત માટે ચિંતાનો વિષય રહ્યો છે.ભારતીય ટીમ હવે બે મેચની ટી૨૦ સીરિઝ રમવા માટે આયર્લેન્ડ જશે અને આ માટે હાર્દિક પંડ્યાને ટીમનો સુકાની બનાવવામાં આવ્યો છે. જ્યારે ત્યારપછી ભારત ઈંગ્લેન્ડના પ્રવાસે જશે અને ત્યાં યજમાન ટીમ વિરુદ્ધ એકમાત્ર ટેસ્ટ રમશે. બાદમાં બંને ટીમો વચ્ચે ત્રણ ટી૨૦ અને ત્રણ વન-ડે મેચની સીરિઝ રમાશે.

## ગુજરાતમાં માસાંતે મેઘરાજાની સટ્ટાસટીઃ હરખભરી આગાહી

સાવરકુંડલાનાં વીજપડી, સાપડી, રાધકડા સહિતનાં ગામોમાં જોરદાર વરસાદ પડ્યો છે. ગીર સોમનાથ જિલ્લાનાં ઊના તેમજ આસપાસનાં ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદ પડતા મગફળી સહિતનો બમ્પર પાક થવાની ખેડૂતોને આશા બંધાઈ છે. ગુજરાતમાં અત્યારે ચોમાસાની ત્રણ- ત્રણ સિસ્ટમ ઉદ્દભવી છે તેના કારણે જોરદાર વરસાદ થઇ શકે છે. આજે સવારથી વલસાડમાં સામ્બેલાધાર વરસાદ તૂટી પડ્યો છે. બે કલાકમાં બે ઇંચ પાણી પડી જતા ચારેતરફ જળબંબાકારથી સ્થિતિ સર્જાઈ છે. હજુ ભારે વરસાદ ચાલુ છે. કેટલાક વિસ્તારોમાં તો ઘરોમાં પાણી ઘુસી ગયાનાં અહેવાલ છે. કામરેજમાં સાડા ત્રણ ઇંચ, નવસારી અને જલાલપોરમાં બે- બે ઇંચ પાણી પડ્યાનું નોંધાયું છે. ખેડૂતોમાં લાપસીનાં આંધણ મુકાઇ રહ્યા છે.(૨.૧૨)

## રાત્રે ૧:૩૦ વાગ્યે રસ્તા પર ફરવા નિકળવું એ ગુન્હો નથીઃ મુંબઇ કોર્ટ

ફરીયાદમાં એવો દાવો કર્યો હતો કે, સુમીત કશ્યપે રૂમાલથી મોઢુ ઢાંકી દીધુ હતું અને રસ્તા પર શું કામ બેઠો છે? એ પ્રશ્નનો સંતોષ કારક જવાબ આપ્યો ન હતો. આ અંગે અદાલતે એવું ઠરાવ્યું હતું કે, અત્યારે કોવિડનો કાળ છે. એટલે કે લોકો સુરક્ષા ખાતર રૂમાલથી કે અન્ય રીતે મોઢુ છુપાવતા હોય છે. અત્યારે માસ્ક ફરજીયાત ન હોવાથી કોઇની પાસે માસ્ક ન હોય તો રૂમાલથી મોઢુ ઢાંકી દે છે. એટલે આ યુવાન કોઇ ગુન્હો કરવાના ઇરાદે મોઢુ છુપાવતો હતો એવી પોલીસની દલીલ ગળે ઉતરતી નથી.(૨.૧૧)

CMYK

# વિસાવદર પંથકમાં ૬, બિલખામાં ૫ ઈંચ વરસાદઃ ભારે વરસાદથી નદીઓ બે કાંઠે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૦

રાજ્યમાં ચોમાસુ હવે રંગ પકડવા લાગ્યું છે અને હજુ આવતા પાંચ દિવસ માટે રાજકોટ સહિત રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરાઈ છે. ત્યારે, છેલ્લા ૨૪ કલાક દરમિયાન સૌરાષ્ટ્ર ગુજરાતનાં વિવિધ ભાગોમાં ૦.૫થી ૬ ઇંચ જેટલો નોંધપાત્ર વરસાદ પડવા પામ્યો છે. ખાસ કરીને જુનાગઢનાં વિસાવદર પંથકમાં છ ઇંચ અને સુરતનાં કામરેજમાં પોણા ચાર ઇંચ વરસાદ નોંધાયો હતો.

જૂનાગઢથી મળતા અહેવાલો મુજબ ગઇકાલે બપોરના બે કલાકે વિસાવદરમાં ચાર કલાકમાં ચાર ઇંચ વરસાદ નોંધાયો હતો. જ્યારે ગ્રામ્ય પંથકમાં ૬ ઇંચ વરસાદ ખાબક્યો હતો. બિલખા પંથકમાં ૫ ઇંચ વરસાદ એકધારો તુટી પડ્યો હતો જેથી ખેતરોમાં પાણી ભરાઈ જવા પામ્યા હતા. વિસાવદરના સુખપુર છલડા ગામોમાં મેઘરાજા સોળેકળાએ ખીલ્યા હતા. ૪ કલાકમાં ૬ ઇંચ વરસાદ ખાબક્યો હતો. સુખપુર ગામની નદીમાં ભારે પુર આવ્યું હતું. ખેતરોમાં પાણી ભરાયા હતા, ઉતાવળી નદીમાં પણ પ્રથમ પૂર આવ્યું હતું. માળીયા, મેંદરડા પંથકમાં અને માંગરોળમાં એક ઇંચ વરસાદ નોંધાયો હતો જ્યારે કેશોદ, ભેંસાણ, જૂનાગઢ, વંથલીમાં ઝાપટા પડ્યા હતા.

વિસાવદર ગ્રામ્ય પંથકના ૫ થી ૬ ઇંચ વરસાદ ખાબકતા નદીઓ બેકાંઠે વહેવા લાગી હતી. ઇશ્વરિયા, છાલડા, જેતલવડા, ભુતડી, રાવણી સહિતમાં ભારે વરસાદ જોવા મળ્યો હતો. ઉપરાંત ઉમરાળી, બંધાળા, પીપળીયા સહિતના ગામડાઓમાં ૫ ઇંચ વરસાદથી નદીઓમાં પ્રથમ નીર ઘોડાપુર રીતે આવ્યા હતા. ખેતરોમાં પાણી ફરી વળતા ખેડૂતોમાં હરખની હેલી જોવા મળી હતી. તેમજ નાનાકોટડા, ખંભાળીયામાં ૩ ઇંચ વીરપુરમાં અઢી ઇંચ સાંજ સુધીમાં માળીયા, મેંદરડામાં એક-એક ઇંચ, ભેસાણ-કેશોદ, જૂનાગઢ, વંથલીમાં ઝાપટા પડ્યા હતાં.

વિસાવદરમાં અને ગ્રામ્ય વિસ્તારમાં મેઘ રાજા રવિવારના બપોર બાદ મન મૂકી વરસિયા હતા જેમાં શહેરમાં ત્રણ કલાકમાં ચાર ઈંચ વરસાદથી મુખ્ય માર્ગો પર પાણીની નદીઓ વહેવા લાગી હતી જયારે ગ્રામ્ય વિસ્તારમાં પાંચ થી છ ઈંચ વરસાદથી નદીઓ બે કાંઠે વહેવા લાગી હતી જેમાં ઇશ્વરીયા. છાલડા, જેટલવડ ભૂતડી, રાવણી સહિતમાં ભારે વરસાદ જોવા મળ્યો હતો. તથા ઊના ગીરગઢડા પંથકમાં આજે વહેલી સવારથીજ વરસાદી માહોલ જોમી ગયેલ અને ધમાકેદાર એન્ટ્રી થઇ હોય તેમ ગાજવિજ સાથે ધોધમાર વરસાદ વરસ્યો હતો.

સવારથી સાંજ સુધીમાં ઉના ગીરગઢડા પંથકમાં ઇંચ વરસાદ પડી ગયો હતો. શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં પણ આખો દિવસ વરસાદી માહોલ વચ્ચે ક્યાંક ધોધમાર તો ક્યાંક રીમઝીમ વરસાદ પડી રહ્યો હતો. વરસાદ પડતાજ લોકો અસહ્ય ગરમીના બફારાથી રાહત અનુભવી હતી. જોકે આ વરસાદના પગલે ખેડૂતોના ચહેરા પર ખુશીની લહેર છવાય ગઇ હતી.

ઉના, ગીરગઢડા, દેલવાડા, સામતેર, કાણકબરડા, રામેશ્વર બે ઇંચ વરસાદ પડી ગયેલ જ્યારે સનખડા, ગાંગડા, ખત્રીવાડા, કેસરીયા, સીમાસી, ભેભા, કાજરડી, સૈયદ રાજપરા, જરગલી દોઢથી બે ઇંચ વરસાદ વરસી ગયો હતો. વરસાદ પડતા રસ્તા પર પાણી ફળી વળ્યા હતા જેના કારણે વાહન ચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડેલ હતો. દેલવાડા ગામે નિચાણવાળા વિસ્તારમાં પાણી ભરાય ગયા હતા. તેમજ સનખડા ગામના રસ્તા પર પાણી કરાતા તળાવ જેવા દ્રશ્યો જોવા મળ્યા હતા. આમ સમગ્ર પંથકમાં બે ઇંચ જેટલો વરસાદ વરસી જતાં ઠંડક પ્રસરી ગયેલ હતી. વધુમાં પ્રાપ્ત વિગતો મુજબ ગઇકાલે સુરતના કામરેજમાં પણ ધોધમાર પોણા ચાર ઇંચ, નવસારી અને જલાલપોરમાં બે ઇંચ, વાપીમાં દોઢ ઇંચ, સાબરકાંઠાનાં હિંમતનગરમાં પણ દોઢ ઇંચ, ભરૂચનાં અંકલેશ્વરમાં સવા ઇંચ વરસાદ પડી જવા પામ્યો હતો.

આ ઉપરાંત સૌરાષ્ટ્રનાં અમરેલી શહેરમાં પોણો ઇંચ, સાવરકુંડલામાં ૧ ઇંચ, જુનાગઢનાં માળીયા (હાટીના)માં ૧ ઇંચ, તેમજ ભાવનગર શહેરમાં પોણા ઇંચ, અમરેલીનાં લાઠીમાં પોણો ઇંચ, જૂનાગઢનાં મેંદરડામાં ૦.૫ ઇંચ, ભાવનગરનાં મહુવામાં ૦.૫ ઇંચ, ઉમરાળામાં ૦.૫ ઇંચ, ખાંભામાં ૦.૫ ઇંચ વરસાદ પડવા પામ્યો હતો.



ઉનાનાં ગિરગઢડા પંથકમાં ૨, ઉના શહેરમાં ૧.૫, અમરેલી જિલ્લામાં ૦ થી ૧, નવસારી, વલસાડ, ભરૂચમાં ૧ થી ૨ ઇંચ, રાજકોટ-ભાવનગરમાં ૦.૫-૦.૫ ઇંચ વરસાદ

# ૧૪ દિવસ પહેલા નોંધાવેલી અપહરણની ફરીયાદનું કોઇ નિવારણ નહીં : રજૂઆત




દીકરીના અપહરણ અંગે યોગ્ય તપાસ કરાવી જવાબદાર વ્યક્તિઓ સામે પગલાં લેવા સમસ્ત રાવળ સમાજની માંગ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ.તા.૨૦

આજે સમસ્ત રાવળ સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા પોલીસ કમિશનરને આવેદન પાઠવવામાં આવ્યું હતું આવેદનમાં જણાવ્યું હતું કે ગત તા. ૭ ના રોજ થોરાળા પો.સ્ટેશનમાં રાવળ સમાજની દીકરી કે જેની ઉમર ૧૫ વર્ષ, ૮ માસની છે, તેની બાલકૃષ્ણ ૨૪ પાસે, આંબાવાડી વિસ્તારમાં આવેલ બ્યુટી પાર્લરમાં કામ શીખવા જતી હતી. તેની ગત તા૬ ના રોજ બપોર એ ૨ વાગ્યે ગયેલ અને પરત ફરેલ નથી. આ બાબતે તેમના માતાએ આસપાસ તથા લગતા વળગતાને ત્યાં તપાસ કરેલ પરંતુ કોઈ ભાળ મળેલ નથી. જેથી તેઓએ થોરાળા પોલીસ સ્ટેશનમાં આ બાબતએ ફરિયાદ પણ નોંધાવેલ હતી. પરંતુ ત્યાર થી આજ દિન સુધી આ દીકરી ની કોઈ જ ભાળ મળેલ નથી. તેમજ તે ક્યાં છે. કેવી સ્થિતિમાં છે તેની કોઈ જ માહિતી મળેલ નથી. જે અંગે તેઓએ અનેકવાર પોલીસ સ્ટેશનમાં રજૂઆત પણ કરેલ હતી. પરંતુ આ બાબતે પોલીસ એ હજુ સુધી કોઈ જ જવાબ આપેલ નથી. ત્યારબાદ દીકરીના માવતર અને સમાજના આગેવાનો એ ડીસીપી ઝોન-૧ને પણ મળવાનો પ્રયાસ કરેલ હતો. પરંતુ કોઈ મિટિંગમાં વ્યસ્ત હોવાથી મળી શકેલ ન હતા. પરિવારની શંકા મુજબ તેઓની દીકરીનું અપહરણ થયું હોઈ એને ઘણા દિવસો થયા છતાં પણ આજ સુધી પોલીસ તરફથી કોઈ તપાસ આગળ વધેલ નથી જેથી અમોને આ આવેદન આપવાની ફરજ પડેલ છે. નમ્ર અરજ કે અમારી દીકરીના અપહરણ અંગે યોગ્ય તપાસ કરાવી આ ગુનાહના જવાબદાર વ્યક્તિઓ ને તથા ગુનેગાર વિરુદ્ધ યોગ્ય પગલાં લેવા તથા પોલીસ આ બાબતે ત્વરિત તાપસ કરે તેમજ આ બનાવમા ગંભીરતા દાખવી તાપસ કરી દીકરીને શોધી કાઢે અને દીકરી એમના માવતરને પરત સોંપવામા આવે એવી આપ સાહેબને સમસ્ત રાવળ સમાજની નમ્ર અરજ છે.

# સૌ.યુનિ.માં રજીસ્ટ્રાર અને પરીક્ષા નિયામકની ભરતીના ઈન્ટરવ્યુ રદ કરો



છાત્રા યુવા સંઘર્ષ સમિતિ દ્વારા કુલપતિને આવેદન પાઠવી રજૂઆત કરાઈ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૦

છાત્રા યુવા સંઘર્ષ સમિતિ રાજકોટ દ્વારા આજે સૌ.યુનિવર્સિટીના કુલપતિને આવેદનપત્ર પાઠવ્યું છે. આવેદનપત્રમાં જણાવ્યું છે કે,રાજકોટ સૌ.યુનિમાં તા.૨૦ જૂનના કાયમી કુલસચિવની ભરતી માટેના ઈન્ટરવ્યુ અને તા.૨૧ જૂનના રોજ પરીક્ષા નિયામકની ભરતી માટેના ઈન્ટરવ્યુ ગોઠવાયા છે. યુજીસીના નિયમ મુજબ કાયમી કુલસચિવ કે પરીક્ષા નિયામકના ઈન્ટરવ્યું કરવાના હોય ત્યારે તેની વણી સમિતિમાં પ્રોફેસર રેન્કથી ઉતરતા ન હોય તેવા રાજયપાલે સૂચવેલા શિક્ષણવિદ, ત્રણ વિષય નિષ્ણાંત, એસ.સી.એસ.ટી, મહિલા, માઈનોરીટી સહિતની કેટેગરીના પ્રતિનિધિ હોવા જોઈએ. જેમાં ક્યાંક એવા ઉલ્લેખ નથી કરાયો કે જે-તે યુનિ.ના સિન્ડિકેટ સભ્યો બેસી શકે. તેમ છતાં સૌ.યુનિ.માં કુલસચિવ અને પરીક્ષા નિયામકની ભરતીની વણી સમિતિમાં સિન્ડિકેટ સભ્યો બેસાડાયા છે. જે એવી દઢ શંકા ઉપજાવે છે કે સિન્ડિકેટ સભ્યોના માનિતા ઉમેદવારને જ કુલસચિવ કે પરીક્ષા નિયામક બનવા મળશે. યુજીસીના નિયમનો ઉલાળ્યો કરી અને કોઈપણ પ્રકારના સ્ટેચ્યુટ બનાવ્યા વિના આ ભરતી સંપૂર્ણ ગેરકાયદેસર છે. તેથી ભરતીના આ ઈન્ટરવ્યુ રદ કરવામાં આવે. તેમ જણાવ્યું છે.

# એસ.ટી. બસમાં સિનિયર સિટીઝન માટે બે ટિકિટ ફાળવણી કરવા રજૂઆત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૦

ગુજરાત સરકાર વાહન વ્યવહાર નિગમ દ્વારા ચાલતી એસ.ટી.બસમાં બે સિનિયર સિટીઝન ટિકિટ લોકલ અથવા એક્સપ્રેસ બસોમાં સુવિધા આપવામાં આવે જેથી કે સિનિયર સિટીઝન લોકોને બસમાં ઉભા ન રહેવું પડે તે લોકોને તેમની ફાળવી કરવામાં આવે તેવી રજૂઆત મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ પાસે પત્ર દ્વારા રજૂઆત કરવામાં અને તેમની સીટ ઉપર તે લોકોને બેસી શકે તેવો અમલ કરવા આવે.ઓનલાઈન ટિકિટ બુકિંગમાં સિનિયર સિટીઝન લોકોને તેમની ટિકિટ લાભ મળે. ગુજરાત સરકાર વાહન વ્યવહાર નિગમ આ રજૂઆત કરતાં સોની યુવા સોશ્યલ ટ્રસ્ટના પ્રમુખ જીજ્ઞેશ વાગડીયા દ્વારા રજૂઆત કરવામાં આવી હતી. તેમ જણાવ્યું છે.



# મનપા દ્વારા ૭૫ થી વધુ સ્થળોએ યોગ કાર્યક્રમ યોજાશે

## યોગ દિવસની ઉજવણીના અંતર્ગત સ્થળ મુલાકાત લેતા પદાધિકારીઓ-અધિકારીઓ


(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૦

સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પુષ્કરભાઈ પટેલ, મ્યુનિ.કમિશ્નર અમિત અરોરા, સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન પરેશભાઈ પીપળીયા એક યાદીમાં જણાવ્યું છે કે, સભાને સંબોધતી વખતે માન. પ્રધાનમંત્રીએ વિશ્વ સમુદાયને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ અપનાવવા માટે વિનંતી કરતા તા.૧૧ ડિસેમ્બર ૨૦૧૪ના રોજ સયુંકત રાષ્ટ્ર સામાન્ય સભાએ દરખાસ્તને સંમતિ આપી ૨૧ જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે સ્થાપિત કરવા કરવામાં આવેલ ઠરાવ અનુસંધાને સમગ્ર વિશ્વમાં યોગ દિવસ ઉજવવામાં આવે છે.

મહાનગરપાલિકા દ્વારા ૨૧ જુનના રોજ યોગ દિવસની ઉજવણી કરાશે. દેશમાં આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી થઈ રહી છે ત્યારે મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ૮૧ સ્થળોએ યોગ દિવસની ઉજવણી થશે. મુખ્યત્વે ઈસ્ટ, વેસ્ટ અને સેન્ટ્રલ ઝોનમાં તેમજ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની સ્કુલો, હાઈસ્કૂલો ઉપરાંત મહાત્મા ગાંધી મ્યુઝીયમ, લાઈબ્રેરી, ઇવનિંગ પોસ્ટ, રેન બસેરા વગેરે સ્થળોએ યોજાશે.







આ ઉપરાંત બે સ્નાનાગાર જીજાબાઈ મહિલા સ્નાનાગાર અને લોક માન્ય તિલક સ્નાનાગાર (રેસકોર્ષ) ખાતે વંદનાબેન ભારદ્વાજના માર્ગદર્શન હેઠળ એકવા યોગાના ઈન્સ્ટ્રકટર અલ્પાબેન શેઠ, કિંજલબેન શાહ, શિલ્પાબેન સબલપરા, ભારતીબેન વસાણી, અંજનાબેન વિરીજા દ્વારા એકવા યોગા કરાવાશે.

સેન્ટ્રલ ઝોન રેસકોર્ષ ખાતે પૂર્વ રાજ્યપાલ-કર્ણાટક વજુભાઈ વાળા, પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, સાંસદ મોહનભાઈ કુંડારીયા, રામભાઈ મોકરીયા, મેયર ડો.પ્રદિપ ડવ, પ્રદેશ ભાજપ બક્ષીપંચ મોરચાના અધ્યક્ષ ઉદયભાઈ કાનગડ, ડે.મેયર ડો.દર્શિતાબેન શાહ, શહેર ભાજપ મહામંત્રી નરેન્દ્રસિંહ ઠાકુર તેમજ જુદી જુદી કમીટીના ચેરમેનઓ, કોર્પોરેટરઓ વગેરે ઉપસ્થિત રહેશે. વેસ્ટ ઝોન નાના મવા સર્કલ પાસેના ગ્રાઉન્ડ ખાતે રાજકોટ શહેર ભાજપ પ્રમુખ કમલેશભાઈ મિરાણી, ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલ, લાખાભાઈ સાગઠીયા, સુરેન્દ્રનગરના પ્રભારી નીતિનભાઈ ભારદ્વાજ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પુષ્કરભાઈ પટેલ, પ્રદેશ ભાજપ મંત્રી બિનાબેન આચાર્ય, શાસક પક્ષ દંડક સુરેન્દ્રસિંહ વાળા, શહેર ભાજપ મહામંત્રી જીતુભાઈ કોઠારી તેમજ જુદી જુદી કમિટીના ચેરમેનઓ, કોર્પોરેટરઓ વગેરે ઉપસ્થિત રહેશે.

ઈસ્ટ ઝોન પૂ.રણછોડદાસ બાપુના આશ્રમ ખાતે મંત્રી અરવિંદભાઈ રૈયાણી, શાસક પક્ષ નેતા વિનુભાઈ ઘવા, શહેર ભાજપ મહામંત્રી કિશોરભાઈ રાઠોડ, સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન પરેશભાઈ પીપળીયા જુદી-જુદી કમિટીના ચેરમેનઓ, કોર્પોરેટરઓ વગેરે ઉપસ્થિત રહેશે. ઉક્ત ત્રણેય સ્થળોએ શ્રી શ્રી રવિશંકર એકેડેમિક, બ્રહ્માકુમારી અને પતંજલિ સંસ્થાના યોગ ગુરૂઓ દ્વારા યોગા કરાવાશે. આ ઉપરાંત મહાત્મા ગાંધી મ્યુઝીયમ ખાતે દીવ્યાંગો અને યોગ એક્સપર્ટ બાળકો દ્વારા યોગ કરાશે. જ્યાં જીલ્લા પ્રભારી રક્ષાબેન બોળીયા અને ભાવનગરના પ્રભારી કશ્યપભાઈ શુક્લ ઉપસ્થિત રહેશે. ઈસ્ટ, વેસ્ટ અને સેન્ટ્રલ ઝોનના યોગ સ્થળોએ થયેલ આયોજન અને તૈયારીની સમિક્ષા કરવા પદાધિકારીઓ અને અધિકારીઓએ સ્થળ મુલાકાત લીધી હતી.

# બનેવીને આત્મહત્યાની ફરજ પાડવાના ગુનામાં સાળાની જામીન અરજી રદ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ તા.૨૦

પત્ની,સાસુ,સસરા અને સાળાઓના ત્રાસથી બનેવીએ આત્મહત્યા કરવાના કેસમાં જેલ હવાલે રહેલા આરોપીઓએ જામીન અરજી કરતાં કોર્ટે આરોપીઓની જામીન અરજી રદ કરી છે.

આ કેસની હકીકત મુજબ ગત તા.૩૧/૫ ના રોજ નવાગામ રંગીલા સોસાયટીમાં આત્મહત્યા કરનાર કિશનભાઇ દિલીપભાઈ સોલંકીએ તેમની પત્ની, સાસુ, સસરા તથા સાળાઓનાં ત્રાસ દુ:ખના કારણે ગળાફાંસો ખાઇ આપઘાત કરવાનો ગુનો કુવાડવા પોલીસ સ્ટેશનમાં નોંધાતા પોલીસે મરનારની પત્ની સાસુ,સસરા તથા ચાર સાળાઓની ધરપકડ કરી જેલ હવાલે કરતાં આરોપી વિક્રમ કનુ પરમાર, સાગર કનુ પરમાર, કિરીટ કનુ પરમાર, કિશન કનુ પરમાર બધા રહે. રંગીલા સોસાયટી નવાગામ રહીશે જેલમાંથી છૂટવા જામીન અરજી કરતા સરકાર તરફે સરકારી વકીલે જામીન અરજીનો વિરોધ કરતા રજૂઆત કરેલ કે આરોપી સામે પ્રથમ દર્શનીય કેસ છે કારણ કે મરણ જનારએ આત્મહત્યા કરતા પહેલા વોટ્સએપમાં ઓડિયો બનાવેલ છે જે રજૂઆતોને ધ્યાને લઇને કોર્ટે આરોપીઓની જામીન અરજી રદ કરી છે. આ કેસમાં સરકાર તરફે સરકારી વકીલ મુકેશ પીપળીયા રોકાયેલ હતા.



એડવોકેટ: મુકેશભાઈ પીપળીયા

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
જાહેર નોટીસ
કોર્ટ નોટીસ
જાહેર ચેતવણી
દાવાનાં સમન્સ
વગેરે પ્રસિધ્ધ કરાવો
ફક્ત રૂા.૬૦માં
+5%GST (પ્રતિ કોલમ સે.મી.અંદર પાને)
122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426

# રઘુવંશી યુવા શકિત સંઘ દ્વારા 'રઘુવંશી ક્રાંતિ યાત્રા' યોજાઈ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૦

રઘુવંશી યુવા શક્તિ સંઘ દ્વારા રઘુવંશી સમાજમાં સામાજીક એક્તા વધે તથા સમાજ સક્ષમ, સામર્થ્યવાન અને સંગઠીત બને સંગઠનના માધ્યમથી રઘુવંશી સમાજ રાજકીય તેમજ શૈક્ષણિક ક્ષેત્રમાં વિકાસ કરે તેવા શુભ ઉદેશથી રાજકોટ શહેર ખાતે રઘુવંશી ક્રાંતિ યાત્રાનું આયોજન કરવામાં આવેલ. આ ક્રાંતિ યાત્રામાં બહોળી સંખ્યામાં રાજકોટ શહેર ઉપરાંત અમદાવાદ તેમજ સૌરાષ્ટ્ર-કચ્છ સહિતના જિલ્લા-તાલુકાઓમાંથી ૩૦૦ થી વધુ ફોર વ્હીલર અને ૧૫૦થી વધુ ટૂ વ્હીલરો સાથે બહોળી સંખ્યામાં રઘુવંશીઓ જોડાયા હતા. ત્યારે આ ક્રાંતિ યાત્રા રેસકોર્ષ ગ્રાઉન્ડ ખાતેથી પ્રારંભ થઈને શહેરોના મુખ્ય રાજમાર્ગોમાંથી પસાર થઈ વિવિધ સંસ્થાઓ- સમાજના આગેવાનોનું અભિવાદન ઝીલ્યુ હતું.



ત્યારે આ રેસકોર્ષથી પ્રારંભ થઈ આ રઘુવંશી ક્રાંતિ યાત્રા કિશાનપરા ચોક, હનુમાન મઢી, રૈયા ચોક, બાપા સીતારામ ચોક, સાધુ વાસવાણી ચોક, યુનિવર્સિટી રોડ, ઈન્દીરા સર્કલ, કોટેચા ચોક, એસ્ટ્રોન ચોક, ભક્તિનગર સ્ટેશન પ્લોટ, સત્યવિજય આઈસ્ક્રીમથી માલવીયા ચોક, જીલ્લા પંચાયત (અકીલા ચોક) થી રેસકોર્ષ સમાપન થયેલ. આ ક્રાંતિ યાત્રામાં શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, તેમજ રઘુવંશી સમાજના અગ્રણી તેમજ કોંગ્રેસ આગેવાન ગોપાલભાઈ ઉનડકટ, રઘુવંશી સમાજના કોર્પોરેટર મનીષ રાડીયા, શહેર ભાજપ ઉપપ્રમુખ વિક્રમ પુજારા, શહેર ભાજપ કોષાધ્યક્ષ અનીલભાઈ પારેખ, કોર્પોરેટર દક્ષાબેન વસાણી, માર્કેટીંગ યાર્ડના ડિરેકટર સંદીપભાઈ લાખાણી, રાજુભાઈ રવેશીયા, જ્ઞાતિ અગ્રણીઓ હસુભાઈ ભગદેવ, પરેશભાઈ વીઠલાણી, રાજન ઠક્કર, જીતેન્દ્રભાઈ કક્કડ, સંજયભાઈ રૂપારેલીયા, અશ્વિનભાઈ જોબનપુત્રા, રમેશભાઈ ધામેચા, પ્રહલાદભાઈ પારેખ, ગોંડલ રઘુવંશી સમાજના આગેવાનો, રઘુવંશી સમાજના અધિકારીઓ ડી.વાય. એસ.પી. બી.સી. ઠકકરસાહેબ, પીએસઆઈ હરેશભાઈ સોમૈયા, શહેર ભાજપ મીડીયા સેલના રાજન ઠકકર તેમજ સમાજની વિવિધ સંસ્થાના અગ્રણીઓ ઉપસ્થિત રહેલ.

આ ક્રાંતિયાત્રાને સફળ બનાવવા રઘુવંશી યુવા શક્તિ સંઘના પ્રમુખ ધવલભાઈ કાછેલા (કે.ડી.રઘુવંશી), ગુજરાતના પ્રભારી કુલદીપભાઈ રઘુવંશી, ગુજરાતના ઉપપ્રમુખ મોહિતભાઈ સવાણી, સૌરાષ્ટ્ર પ્રમુખ પાર્થભાઈ જોબનપુત્રા, કાનુની સલાહકાર જયભારતભાઈ ધામેચા તથા સંગઠનની સમગ્ર ટીમના તમામ સભ્યો તથા રાજકોટ માર્કેટીગ યાર્ડના રઘુવંશી સમાજના વેપારીઓએ જહેમત ઉઠાવી હતી.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
RECRUITMENT
DESIGNATION
Reporter
Photographer/Videographer
Video Editor
Computer Operator
Telemarketer
Corporate Marketing
WALK IN INTERVIEW
Monday to Saturday
10 am to 7 pm
ADDRESS
122, Star Chambers,Harihar Chowk,
Near Panchnath Mandir, Rajkot
Email: saurashtrakranti@gmail.com
Contact: +91 94097 57062
EXPERIENCE
Experienced / Freshers
WORKING HOURS
8 Am To 6 Pm
MALE AND FEMALE BOTH CAN APPLY

# ઔદ્યોગિક એકમો અને વેપારીઓ સાથે નાણાંકીય ફ્રોડના ઉકેલ માટે SIT ની રચના કરાશે

## રાજકોટ ખાતે ઔદ્યોગિક-સામાજીક સંગઠનો અને સ્થાનિક લોકોના પ્રશ્નોને વાચા આપતા ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવી



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૦

ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ રાજકોટ ખાતે ન્યાયિક બાબતોને લઈને ચેમ્બર ઓફ કોમર્સ, વિવિધ ઔદ્યોગિક એસોસિએશનના હોદ્દેદારો અને વેપારી સંગઠનો તેમજ સ્થાનિક લોકો સાથે બેઠક યોજી તેમના વિવિધ પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ લાવવા ખાતરી આપી હતી.

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ યોજાયેલી વિવિધ બેઠકોમાં ઔદ્યોગિક તેમજ સામાજીક સંગઠનો અને લોકોને હૈયાધારણા આપતાં જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર તમારી સાથે છે. વેપાર ઉદ્યોગને લગતા પ્રશ્નોના નિરાકરણ માટે સમગ્ર પોલીસ તંત્રનો સંપૂર્ણ સહકાર મળી રહેશે તેવી ખાત્રી ઉચ્ચારી લોકોને ઝડપી ન્યાય મળી રહે તે માટે રાજ્ય સરકાર ખૂબ જ ગંભીર હોવાનું ગૃહ રાજ્ય મંત્રીએ આ તકે આશ્વાશન આપ્યું હતું. બેઠકમાં ચેમ્બર દ્વારા રજૂ કરાયેલા વેપારીઓના નાણાંકીય ફ્રોડના કેસમાં અન્ય રાજ્યોમાં ફસાયેલા નાણાં પરત અપાવવા એસ.આઈ.ટી. ની રચના કરવામાં આવશે અને જુદા જુદા રાજ્યોમાં પોલીસ ટીમ આ જઈ નાણાંકીય વ્યવહારોના પ્રશ્નો ઉકેલવામાં મદદરૂપ બનશે તેમ પણ મંત્રી સંઘવીએ જણાવ્યું હતું.ગૃહરાજય મંત્રી હર્ષ સંઘવીએ સામાજીક સંસ્થાઓના આગેવાનો અને પ્રતિનિધિઓ સાથે બેઠક યોજી તેમના દ્વારા રજૂ કરાયેલા વિવિધ પ્રશ્નો, યોજનાઓનો લાભ લેવા માટે પ્રમાણપત્રો અને દસ્તાવેજો કઢાવવામાં થતી મુશ્કેલીઓ અને વહીવટી સમસ્યાઓ, અશાંત ધારો, દારૂ, ડ્રગ્સ સહિતના વિવિધ પ્રશ્નો, જરૂરીયાતમંદ વિસ્તારોમાં પોલીસ સ્ટેશન આપવા જેવા પ્રશ્નોના નિરાકરણ માટે આવેદનપત્રો તેમજ ફરિયાદો સ્વીકારી મંત્રીએ જરૂરી નિર્દેશ કરીને પ્રતિબધ્ધતા દર્શાવી હતી.

આ તકે મંત્રીએ અલગથી સ્થાનિક નેતાઓ સાથે પણ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિની સમીક્ષા કરી હતી. જેમાં મંત્રી અરવિંદભાઈ રૈયાણી,પૂર્વ મંત્રી કુંવરજીભાઇ બાવળીયા, જયેશભાઈ રાદડિયા, સાંસદ રામભાઈ મોકરિયા, ધારાસભ્યો સર્વે ગોવિંદભાઈ પટેલ,લાખાભાઇ સાગઠીયા સહિતના નેતાઓ તેમજ જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને શહેરના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં. જેઓએ રાજકોટ શહેર તેમજ જિલ્લામાં પોલીસ વિભાગની કામગીરી વધુ સુદ્રઢ બને તે માટે વિવિધ સૂચનો કર્યા હતાં.

મેયર પ્રદીપ ડવ, અગ્રણી ડો. ભરત બોઘરા, કમલેશ મીરાણી, મનસુખ ખાચરિયા,ચેતન રામાણી, મનીષ ચાંગેલા, ઉદય કનગડ, ડે. મેયર દર્શિતાબેન શાહ, રક્ષાબેન બોળીયા, ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ વી.પી. વૈષ્ણવ,તેમજ અધિકારીઓ સર્વે પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ, જોઇન્ટ સી.પી. અહેમદ ખુર્શીદ, રેન્જ આઈ.જી. સંદીપ કુમાર, નાયબ કમિશનર એ. કે. સિંઘ, નગરપાલિકાના રિજિયોનલ કમિશનર ધીમંતકુમાર વ્યાસ,એસ. પી. જયપાલસિંહ રાઠોર, ડી.સી.પી. ઝોન ૨ સુધીર દેસાઇ, ડી.સી.પી. ઝોન ૧ પ્રવીણ કુમાર મીના, પ્રાંત અધિકારીઓ તેમજ અન્ય વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાત પ્રવાસમાં ૫૦ કરોડથી વધુ વિકાસકાર્યોના લોકાર્પણ-ખાતમુહૂર્તની ભેટ ધરી છેઃ રાજુ ધ્રુવ



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૦

ગુજરાતના પુત્ર નરેન્દ્રભાઈ મોદીનો ગુજરાત પર અવિરત પ્રેમ વરસાવી રહ્યા છે એવું જણાવતા સૌરાષ્ટ્ર કચ્છ ભાજપ અગ્રણી પ્રવક્તા રાજુભાઈ ધ્રુવે જણાવ્યું હતું કે, મોસાળમાં જમણ અને મા પીરસનાર..ની કહેવત અત્યારે ગુજરાત માટે અક્ષરસ બંધબેસતી બની ગઈ છે. રાજ્યમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને ગુજરાત ભાજપ અધ્યક્ષ સી.આર. પાટીલની જોડી જનહિત - જનસુખાકારીમાં વધારો કરતા વિકાસકાર્યોના લોકાર્પણ-ખાતમુહૂર્તની ભેટ ગુજરાતને ધરી રહી છે તો કેન્દ્રમાં નરેન્દ્રભાઈ મોદી જનજનની સુખ, સમૃદ્ધિ, સ્વાસ્થ્ય, સુવિધામાં વૃદ્ધિ કરતા વિકાસકાર્યોના લોકાર્પણ-ખાતમુહૂર્તની ભેટ ગુજરાતને ધરી રહ્યા છે. નરેન્દ્રભાઈ મોદીએ છેલ્લા બે મહિનાના ગુજરાત પ્રવાસમાં ૫૦ હજાર કરોડથી વધુ વિકાસકાર્યોના લોકાર્પણ-ખાતમુહૂર્તની ભેટ ધરી છે. વડોદરા, નવસારી, બનાસકાંઠા, દાહોદ, કલોલ, જસદણ, જામનગર, અમદાવાદ, ગાંધીનગર સહિતના શહેરો-નગરો-ગામોમાં વિવિધ અબજો રૂપિયાના પ્રોજેક્ટ્સનો પ્રારંભ કરાવ્યો છે.

આમ છેલ્લા બે મહિના દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીનો સવિશેષ સ્નેહ ગુજરાત પર વરસ્યો છે. વૈશ્વિક મહામારી કોરોનાકાળથી અસરગ્રસ્ત આપણને સૌ કોઈને આપણી માળખાકીય સુવિધાઓ સાથે સુખ, સમૃદ્ધિ, સુખાકારીમાં વધારો કરનારા



પ્રોજેક્ટ્સ આપવા બદલ તથા આપણું જીવનધોરણ ઉચ્ચ બને તે માટે પ્રયત્નશીલ નરેન્દ્રભાઈ મોદીને અભિનંદન સહ શુભકામના પાઠવું છું એવું રાજુભાઈ ધ્રુવે અંતમાં કહ્યું હતું.(૧૩)

### હડમતીયા (ગોલિડા) ગામ ખાતે

# નવા ગ્રામપંચાયત ભવન તેમજ સી.સી.રોડનું ખાતમુહૂર્ત કરતા ભુપત બોદર

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૦

રાજકોટ જિલ્લા પંચાયતના પ્રમુખ ભૂપતભાઇ બોદરની એક અખબારી યાદીમાં જણાવાયું છે કે, હડમતીયા(ગોલિડા) ગામ ખાતે મનરેગા અંતરગત મંજુર થયેલ નવા ગ્રામ પંચાયત ભવનનું તથા તાલુકા પંચાયત સામાજીક ન્યાય સમિતિ ચેરમેનની ગ્રાન્ટમાંથી મંજુર થયેલ સી.સી. રોડનું ખાતમુહૂર્ત જિલ્લા પંચાયત પ્રમુખ ભૂપતભાઈ બોદરના વરદ હસ્તે કરવામાં આવ્યું. આ પ્રસંગે સરપંચ પ્રવીણભાઈ હેરભા, જેસીંગભાઈ હુંબલ, દેવરાજભાઈ ડાંગર, હસમુખભાઈ



હીરપરા, નિર્મળભાઈ બકુતરા, કિરીટભાઈ હાપલીયા, મનુભાઈ ડાંગર, અશોકભાઈ હીરપરા, શુભાશભાઈ હીરપરા, મયુરભાઈ જળુ, મનુભાઈ કાકડિયા, ગોરધનભાઈ ડોબરિયા, અલ્પેશભાઈ મિસ્ત્રી, કિશનભાઈ બથવાર, કેયુરભાઈ ઢોલરિયા, મહેશભાઈ ગોલીડા, કેતન કાનાણી, વિશાલ અજાણી, સી.ટી.પટેલ, છગનભાઈ સખીયા, કલ્પેશભાઈ રૈયાણી, રસિકભાઈ ખુંટ, ચમનભાઈ સોજીત્રા, કિશોરભાઈ આટકોટીયા, તથા મોટી સંખ્યામાં કસ્તુરબાધામ (સીટ) ના આગેવાનો, સ્થાનિક આગેવાનો તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

### સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા લેવાયો નિર્ણય

# નાપાસ થયેલા વિદ્યાર્થીઓની પરીક્ષા ૬ માસમાં લેવાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૦

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં કુલપતિના આચાર્યોની એક બેઠક મળી હતી. જેમાં ત્રણ મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યા હતા. કુલપતિએ બેઠકમાં જણાવ્યું હતુ કે, હવેથી દરેક સેમેસ્ટરની પરીક્ષા વર્ષમાં બે વખત લેવામાં આવશે. એટલે કે કોઈ વિદ્યાર્થી નાપાસ થયો હોય તો તેની પરીક્ષા ૬ માસની અંદર જ લેવામાં આવશે અને તેને આખું વર્ષ રાહ જોવી પડશે નહી. જ્યારે આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત નિર્ણય કરી તમામ વિદ્યાર્થીઓને હવે નિઃશુલ્ક પ્રોવિઝનલ ડિગ્રી સર્ટિફિકેટ આપવા નિર્ણય કરવામાં આવ્યો છે. જેની અગાઉ ૧૫૦ રૂપિયા ફી વસૂલવામાં આવતી હતી.




ધો.૧૨ના પરિણામ જાહેર થયા બાદ કોલેજોમાં એડમિશન પ્રક્રિયા ચાલુમાં હોવાથી નવું સત્ર શરૂ થાય તે પહેલાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ ડો. ગિરીશ ભીમાણીએ કોલેજના આચાર્યો સાથે એક ખાસ બેઠક બોલાવી હતી. આ બેઠકમાં કેટલાક મહત્ત્વપૂર્ણ નિર્ણય જાહેર કરવામાં આવ્યા છે. અગાઉ પદવીદાન સમારોહ થાય ત્યારે જ ડિગ્રી મળતી હતી. જેના કારણે અંદાજે લગભગ ૫૦૦૦ જેટલા વિદ્યાર્થીઓએ આગળ નોકરી મેળવવા માટે યુનિવર્સિટીમાં ૧૫૦ રૂપિયા ફી ભરી પ્રોવિઝનલ ડિગ્રી સર્ટિફિકેટ કઢાવવું પડતું હતું.પરંતુ તેની સામે આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત વિદ્યાર્થીઓના હિતમાં નિર્ણય કરી કુલપતિ દ્વારા તમામ વિદ્યાર્થીઓને ફ્રીમાં પ્રોવિઝનલ ડિગ્રી સર્ટિફિકેટ આપવા નિર્ણય કર્યો છે. બીજી તરફ હવેથી આગામી તમામ પરીક્ષા ત્રણ સેશનમાં એટલે કે સવારે સેમેસ્ટર ૧, બપોરે સેમેસ્ટર ૩ અને સાંજે સેમેસ્ટર ૫ની પરીક્ષા લેવા નિર્ણય લેવામાં આવ્યો હતો. આ સાથે સાથે ત્રીજો મહત્ત્વપૂર્ણ નિર્ણય એ જાહેર કરવામાં આવ્યો છે કે જે વિદ્યાર્થીઓ કોઇ વિષયમાં નાપાસ થયા હોય તો તેમને એક વર્ષ સુધી રાહ જોવી ન પડે અને તેનું આખું વર્ષ ન બગડે તે માટે નિર્ણય કરી દરેક પરીક્ષા વર્ષમાં બે વખત લેવા નિર્ણય કરવામાં આવ્યો છે.

### રામકૃષ્ણ આશ્રમ દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ નિમિતે

# 'અરાઈઝ, અવેઈક' વિષય પર હિન્દી રાષ્ટ્રીય યુવા સંમેલન યોજાયું

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૦

આઝાદીના અમૃત મહોત્સવના ભાગરૂપે શ્રી રામકૃષ્ણ આશ્રમ રાજકોટ દ્વારા તા.૧૯ જૂન રવિવારના રોજ આશ્રમના વિવેક હોલમાં 'અરાઈઝ,અવેઈક!' વિષય પર નેશનલ યુથ કન્વેશનનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ એક દિવસીય રાષ્ટ્રીય યુવા સંમેલનમાં ગુજરાતના જામનગર, જુનાગઢ, ધ્રોલ, પોરબંદર, ગાંધીનગર સહિત છેક મહારાષ્ટ્ર અને છતીસગઢ યુવાન યુવતીઓએ પણ જોડાઈને રાષ્ટ્રપ્રેમનું ભાથું બાંધ્યું હતું.

આ સંમેલનનું ઉદઘાટન કાર્યક્રમના મુખ્ય વક્તા અને પુદુચેરીના લેફ્ટનન્ટ ગવર્નર અને દેશના પ્રથમ



આઈપીએસ ડોકિરણ બેદીના હસ્તે થયું હતું. મેગ્સેસે એવોર્ડથી સન્માનિત બેદીએ બાળકો,યુવાનો અને ગરીબ,પછાત તથા વંચિતો માટે સ્થાપેલી નવજ્યોતિ તથા ઈન્ડિયા વિઝન ફાઉન્ડેશન નામની બે સંસ્થાઓ દ્વારા પોતે કરી રહેલાં કાર્યોના પ્રેક્ટીકલ વીડિયો પ્રેઝન્ટેશન સાથે સમજુતી આપી હતી.કિરણ બેદીએ સમયનું મહત્વ, જીવનમાં શિક્ષણનું મહત્વ, શિક્ષક અને માતા-પિતાએ બાળકના ઉછેરમાં ધ્યાન રાખવાની બાબતો વિશે વક્તવ્ય આપ્યું હતું.

સુપ્રસિદ્ધ લેખિકા અને ચિલ્ડ્રન યુનિવર્સિટીના પૂર્વ સલાહકાર જ્યોતિબેન થાનકીએ જણાવ્યું હતું કે, સિસ્ટર નિવેદિતાએ રેંટિયો કાંતવાને પ્રોત્સાહન આપ્યું, કન્યા શાળાઓની સ્થાપના કરી એક વિદેશી સ્ત્રીના હૃદયમાં માત્ર ભારત સિવાય કશું પણ ન હોય એ આશ્ચર્યની વાત છે. વિવેકાનંદ વિદ્યાપીઠ રાયપુરના માનદ સેક્રેટરી ડો. ઓમપ્રકાશ વર્મા તથા સુપ્રસિદ્ધ લેખક અને વક્તા રામકૃષ્ણ મિશન કાનપુરના સેક્રેટરી સ્વામી આત્મશ્રધ્ધાનંદે પણ વક્તવ્ય આપ્યું હતું. આ સંમેલન રામકૃષ્ણ આશ્રમની યુ-ટ્યુબ ચેનલ પર ઉપલબ્ધ છે. (૧૩)

### શનિવાર રાત્રિનું કૂતુહલ ઉપગ્રહોનો નજારો

# આકાશમાં સેટેલાઈટ સ્ટારલીંકે લોકોને રોમાંચિત કર્યાઃ વિજ્ઞાન જાથા



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

અમદાવાદ, તા.૨૦

રાજયમાં શનિવાર તા.૧૮ મી જુન રાત્રિના સાડા આઠ પછી આકાશમાં ચળકાટ, તેજસ્વી રેલગાડીએ લોકોને અચંબિત કરી જોવા મજબૂર કર્યા હતા. લોકોએ પોતાના મન-વિચાર મુજબ તુક્કાઓ મુકી વધુ આશ્ચર્ય મૂકી દીધું હતું. વાસ્તવમાં આ રોકેટ લોન્ચ કોમ્પલેક્ષ ૩૯એ (એલસી-૩૯એ) કૈનેડી સ્પેશ સ્ટેશન, ફ્લોરિડા અમેરિકાથી મુકવામાં આવ્યું હતું. અત્યાર સુધીમાં આવા ઉપગ્રહો ૫૦૦૦ જેટલા પૃથ્વીની ભ્રમણ કક્ષાએ મુકવામાં આવેલ છે.

જુનાગઢ જિલ્લાના ખગોળશાસ્ત્રી અજય વ્યાસ આગામી જાથા એસ્ટ્રોનોમી કલબમાં સેટેલાઈટ સ્ટાર લીંક સંબંધી જાણકારી આપવાના છે.

અંતમાં આકાશમાં રેલગાડી ચળકતી જોવા મળી હતી તે ઉપગ્રહોનો નજારો હતો. વિજ્ઞાનની સતત શોધ માનવ કલ્યાણકારી સાબિત થઈ છે તેમ જયંત પંડયાએ જણાવ્યું છે.

# રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના પુત્ર મસ્તાનભાઈ મેઘાણીનું ૯૧ વર્ષે વડોદરા ખાતે નિધન



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૦

રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના પુત્ર મસ્તાનભાઈ મેઘાણીનું ૧૮ જૂનના રોજ સાંજે ૬ કલાકે ૯૧ વર્ષે વડોદરા ખાતે નિધન થયું છે. વિશ્વભરમાં વસતાં ગુજરાતીઓએ શ્રધ્ધાસુમન અર્પણ કર્યાં છે. ૨૯ ડિસેમ્બર ૧૯૩૧ના રોજ ભાવનગર ખાતે જન્મેલા અને છેલ્લા ૨૦ વર્ષથી વડોદરા ખાતે નિવૃત્ત જીવન વિતાવી રહેલા મસ્તાનભાઈ અનેક સેવાકીય પ્રવૃતિઓ સાથે સંકળાયેલા હતા.

એમનું સાલસ અને સરળ વ્યક્તિત્વ સહુને સ્પર્શી જતું. ડેરી ટેકનોલોજીના ઉચ્ચ અભ્યાસ પછી તેઓ સ્વીડન અને કુવૈત ખાતે કાર્યરત રહ્યા હતા.

# જેમ્સી ચેરી.ટ્રસ્ટ દ્વારા સંચાલિત દશનામ અતિત યુવા સેના દ્વારા કલેકટરને આવેદનપત્ર પાઠવાયું



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૦

જેમ્સી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત દશનામ અતિત યુવા સેના દ્વારા રાજકોટ કલેકટરને આવેદનપત્ર પાઠવ્યું હતું. આવેદનપત્રમાં જણાવ્યું હતું કે, કોડીનાર જિલ્લામાં આવેલ જંત્રાખડી ગામે કુમારી પ્રથા કૌશિકગીરી ગોસ્વામી દીકરી પર એક નરાધમ રાક્ષસે સૃષ્ટિ વિરૂધ્ધનું દુષ્કૃત્ય કરી મારી નાખેલ છે. સરકારને નમ્ર વિનંતી કે, સરકારે આપેલ સુવર્ણ અક્ષરોનું સૂત્ર 'બેટી બચાવો, બેટી પઢાઓ' તો જ સાકાર થશે. જો આ નરાધમ રાક્ષસને સત્વરે ફાંસી મળે તો માત્ર દશનામ સમાજ જ નહીં દરેક સમાજ નોંધ લેશે.

આ પરીવારની સાથે દશનામ સમાજ પર આકરી પરિસ્થિતિ આવી છે. આવેલ દુઃખને શબ્દો વર્ણવી શકાય તેમ નથી. આવા રાક્ષસી લોકોને આપણી સરકાર વહેલામાં વહેલી ફાંસીની સજા આપી દશનામ સમાજ તેમજ અન્ય સમાજમાં દાખલો બેસાડે જેથી ભવિષ્યમાં કોઈ વ્યકિત આવું ખરાબ કાર્યનો વિચાર પણ ન કરે.

જેમ્સી એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ મનિષગીરી એલ. ગોસાઇ, ભગવા રંગ ભોલે કા ગ્રુપના સંચાલક હસુગીરી બાપુ, વિલાસગીરી, ગૌતમગીરી ગૌસ્વામી, ભાવેશપરી ગૌસ્વામી, હસમુખગીરી નટવરગીરી ગૌસ્વામી, સંજયગીરી મનસુખગીરી ગૌસ્વામી, રમેશગીરી બાપુ (ખેરડી) તથા દશનામ સમાજના સાધુ સંતો, અગ્રણ્ય ભાઇઓ તથા બહેનોએ હાજરી આપી રોષ વ્યકત કરેલ છે. જેમનાં સમગ્ર ગુજરાતમાં ઘેરા પડઘા પડેલ છે. (૧૩)

# રાજકોટ શહેરમાં ટ્રાફિક સમસ્યા હળવી કરવા રજૂઆત



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૦

ડેપ્યુટી મેયર ડો.દર્શિતાબેન શાહ દ્વારા રાજકોટ શહેરની ટ્રાફિક સમસ્યા બાબતે પોલીસ કમિશનરને રજૂઆત કરેલ છે. ડે.મેયરએ જણાવેલ કે, શહેરનો દિન પ્રતિદિન વિકાસ થતો જોવા મળે છે. તેમજ શહેરના વિસ્તારો પણ વધતા જાય છે.

સ્વભાવિક છે કે વાહનોની સંખ્યામાં પણ સતત વધારો થતો જોવા મળે છે. તેની સામે ટ્રાફિકની સમસ્યા પણ સતત વધતી જાય છે. જે ધ્યાને લઈ શહેરીજનોને કોઈ હાલાકી ન રહે તેમ ટ્રાફિક બાબતનું સુવ્યવસ્થિત આયોજન કરવું જરૂરી છે.

શહેરના ભીલવાસ ચોકથી ફૂલછાબ ચોક, હરિહર ચોકથી જયુબેલી તરફ મહાનગરપાલિકા મુખ્ય ઓફિસની સામે પરમાર સાયકલ વાળો રોડ જે ત્રિકોણબાગ તરફ જાય છે. મંગલા રોડ, વિદ્યાનગર રોડ, ભૂતખાના

**પો.કમિશનરને રજૂઆત કરતા ડે.મેયર ડો.દર્શિતાબેન શાહ**

ચોકથી લોધાવાડ ચોક તરફ જવાનો રોડ, કોઠારીયાનાકા તથા સોનીબજાર વિસ્તાર, રામનાથપરા વિસ્તાર વિગેરે જેવા વિસ્તારોમાં વારંવાર ટ્રાફિક જામની સમસ્યા સર્જાતી હોય છે. તેમજ શહેરના જુદા જુદા મુખ્ય રસ્તાઓનો સર્વે કરાવી તેવા રસ્તાઓ પર જરૂર જણાયેલ વન-વે કરવા અથવા ટ્રાફિક નિયંત્રણ માટે વધારાના ટ્રાફિક પોલીસ અથવા ટ્રાફિક સિગ્નલ રાખવા જરૂરી છે.

જેને પરિણામે ટ્રાફિક જામની સમસ્યામા ઘટાડો થાય તેમજ શહેરીજનોને પણ ટ્રાફિક સમસ્યા માંથી રાહત રહે આ બાબતે સત્વરે કાર્યવાહી હાથ ધરવા વધુમાં ડેપ્યુટી મેયરએ રજૂઆતમા જણાવેલ છે.

# સાંગણવા ગામે ૧૦૦ જેટલા વૃક્ષોનું વાવેતર

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૦: લાયન્સ કલબના પૂર્વ ગર્વનર એમ.જે.એફ. બી.ડી. જાડેજા દ્વારા પોતાના માદરે વતન સાંગણવા ગામે રવિવારના રોજ ૧૦૦ જેટલા વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં લાયન્સ કલબ રાજકોટ રોયલ સીટીના હોદેદાર મીતેષભાઇ ચાવડા, બીપીનભાઇ વોરા,



પ્રહલાદસિંહ તેમજ લાયન્સ કલબના દિવ્યેશભાઇ સાકરીયા, નિરજ અઢીયા, ચેતનભાઇ વ્યાસ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટમાં પીજીવીસીએલની ૪૮ ટીમના દરોડા, મોટી વીજચોરી પકડાવાની શક્યતા



(તસવીરઃ દિલીપ ગોહેલ)

## ચુનારાવાડ, દૂધસાગર રોડ, ગંજીવાડમાં દરોડાઃ સિટી સર્કલ ૧ હેઠળ આવતા આજી ૧ અને આજી ૨ સબ ડિવિઝન વિસ્તારોમાં ચેકિંગ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ.તા.૨૦ રાજકોટ શહેરમાં એક સપ્તાહ બાદ ફરી પીજીવીસીએલે વીજ ચેકિંગ ઝુંબેશ હાથ ધરી છે. આજે વહેલી સવારથી પીજીવીસીએલની કોર્પોરેટ ટીમ દ્વારા સિટી સર્કલ ૧ ડિવિઝન હેઠળ આવતા આજી ૧ અને આજી ૨ સબ ડિવિઝન વિસ્તારોમાં અલગ અલગ ૪૮ ટીમો દ્વારા વીજ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. જેમાં મોટી વીજચોરી ઝડપાવાની શક્યતા છે. ઉલ્લેખનીય છે કે પાછલા સપ્તાહ દરમિયાન રાજકોટ ગ્રામ્ય અને તેના આગલા સપ્તાહ દરમિયાન શહેર વિસ્તારમાં ચેકિંગ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જેમાં પણ દોઢ કરોડથી વધુની વીજચોરી ઝડપી પાડવામાં આવી હતી. રાજકોટના ગ્રામ્ય વિસ્તારો બાદ આજે ફરી શહેરી વિસ્તારમાં વીજ ચેકિંગ અંગે સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. પાછલા સપ્તાહ દરમિયાન જસદણ, વિંછીયા, ગોંડલ, લોધિકા, પડધરી, કુવાડવા અને પારડી વિસ્તાર બાદ આજે રાજકોટ શહેરમાં આજી ૧ અને ૨ સબ ડિવિઝન હેઠળ આવતા વિસ્તારમાં ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. આજે વહેલી સવારથી અલગ અલગ ૪૮ ટીમો દ્વારા ભગવતીપરા, જય પ્રકાશ નગર, ચુનારાવાડ, દૂધસાગર રોડ અને ગંજીવાડ વિસ્તારમાં વીજચોરી ઝડપી પાડવા કવાયત શરૂ કરવામાં આવી છે. જેમાં ૧૧ કેવીના ૪ ફીડરો આવરી લેવામાં આવ્યા છે. પાછલા સપ્તાહ દરમિયાન રાજકોટ ગ્રામ્ય અને તેના આગલા સપ્તાહ દરમિયાન શહેર વિસ્તારમાં ચેકિંગ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જેમાં પણ દોઢ કરોડથી વધુની વીજચોરી ઝડપી પાડવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં વીજ ચેકિંગ દરમિયાન ૧૪ જૂનનાં રોજ રાજકોટ ગ્રામ્ય વર્તુળના જસદણ ડિવિઝન હેઠળ કોર્પોરેટ ચેકિંગ ડ્રાઇવનું આયોજન કર્યું છે. જેમાં આટકોટ અને વિંછીયામાં કુલ ૩૦ ટીમો દ્વારા ૬૬૮ કનેક્શન ચેક કરી ૯૫ કનેક્શનમાં ૨૧.૫૦ લાખની વીજચોરી ઝડપી પાડવામાં આવી હતી. જ્યારે ૧૫ જૂનના રોજ ગોંડલ ડિવિઝન હેઠળ કોર્પોરેટ ચેકિંગ ડ્રાઇવનું આયોજન કર્યું હતું. જેમાં ૪૧ ટીમો દ્વારા ૭૯૭ કનેક્શન ચેક કરી ૮૪ કનેક્શનમાં ૪૪.૧૫ લાખની વીજચોરી ઝડપી પાડવામાં આવી હતી.

### ભારતમાં પેટરનીટી લીવ કાનૂન સુધારાશે

# બાળકના જન્મ બાદ પિતાને પણ લાંબી રજાનો લાભ મળશે

### રાષ્ટ્રીય મહિલા પંચ દ્વારા કેન્દ્ર સરકારને ભલામણ

**(એજન્સી સમાચાર)**

નવીદિલ્હી,તા. ૨૦

રાષ્ટ્રીય મહિલા પંચ દ્વારા આગામી સમયમાં મેટરનીટી બેનીફીટ એક્ટમાં સુધારો કરવા માટે ભલામણ કરી છે અને તેના આધારે કેન્દ્ર સરકાર ૧૯૬૧ના મેટરનીટી બેનીફીટ એક્ટ તથા ૨૦૧૭માં કરાયેલા સુધારા બંનેમાં આગામી સમયમાં મહિલાઓ ઉપરાંત પતિદેવોને પણ પેટરનીટી લીવનો વધુ લાભ આપે તેવા સંકેત છે.

હાલમાં જ ધ નેશનલ કમિશન ઓફ વુમનની મળેલી બેઠકમાં મેટરનીટી બેનીફીટ એક્ટને સંપૂર્ણપણે નવેસરથી સુધારો કરવા નિર્ણય લેવાયો છે. ખાસ કરીને ૨૦૧૭ના સુધારા પછી પણ દેશમાં સરકારી અને ખાનગી નોકરીઓમાં મહિલાઓનું પ્રતિનિધિત્વ વધ્યું નથી અથવા તો કોર્પોરેટ સહિતના ક્ષેત્રોમાં મેટરનીટી લીવ અંગે હજુ પણ અનિશ્ચિતતા જેવી સ્થિતિ છે.

નિષ્ણાંત કમિટીની ભલામણ મુજબ અસંગઠીત ક્ષેત્રોમાં મહિલાઓને આ પ્રકારના લાભ મળતા અને તેથી પંચ દ્વારા વિવિધ સમુદાય, કોર્પોરેટ સહિતના ક્ષેત્રો સાથે ચર્ચા કર્યા બાદ હવે અનેક મહત્વનાં સૂચનો અને ભલામણો સરકારને કરવામાં આવી છે.

જેમાં ખાસ કરીને પિતા બનવા જઇ રહેલા પુરૂષો માટે પેટરનીટી લીવની જોગવાઈ કરવા નિર્ણય લેવાયો છે જેના કારણે મહિલાઓને બાળ ઉછેર પરનું ભારણ ઘટશે અને માતા-પિતા બંને એકસમાન રીતે બાળકનો ઉછેર કરે તો તેમના સંતાનોને પણ વધુ સરળતા રહેશે તેમજ મહિલાઓને વધુ રોજગારીની તકો રહેશે.(૯)

# ગુજરાતમાં સતત પાંચમાં વર્ષે સુજલામ સુફલામ યોજના સફળ

### જળ સંચયના ૧૭ હજાર કામો પૂર્ણ, શ્રમિકોને ૨૦ લાખ માનવદિનની રોજગારી મળીઃ છેલ્લા પાંચ વર્ષમાં જળ સંગ્રહ ક્ષમતામાં ૮૬૧૯૯ લાખ ઘન ફૂટનો વધારો થયો

**(એજન્સી સમાચાર)**

ગાંધીનગર, તા.૨૦


મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના પ્રેરક નેતૃત્વમાં સતત પાંચમાં વર્ષે સુજલામ સુફલામ જળ અભ્યાનનું નવું ચરણ સફળતાપૂર્વક સંપન્ન કરવામાં આવ્યું છે. જેના થકી ગુજરાતમાં જળ અભ્યાનના ૧૭૮૧૨ કામ પરીપૂર્ણ થયા છે અને શ્રમિકોને ૨૦.૮૧ લાખ માનવદિનની રોજગારી મળી છે. જયારે ૨૪,૪૦૦,૧૮ લાખ ઘનફૂટ જળ સંગ્રહ ક્ષમતા વધી છે.

મુખ્યમંત્રીએ ગત ૧૯મી માર્ચે ગાંધીનગરના કોલવડા ગામેથી જળસંગ્રહ અભ્યાનના પાંચમાં તબક્કાનો પ્રારંભ કરાવ્યો હતો. આ યોજનાને કારણે જળ સંગ્રહની ક્ષમતા વધી છે અને ભુર્ગભ જળ ઉંચ્ચા લાવવામાં પણ સફળતા પ્રાપ્ત થઇ છે. ગત ચાર વર્ષ કરતા આ વર્ષે જળ સંગ્રહની સૌથી વધુ ક્ષમતા વધી છે.

શ્રમિકોને રોજીરોટી માટે મુશ્કેલી ન પડે એ રીતે વધુને વધુ શ્રમિકોને જળ અભ્યાન અને મનરેગા યોજનાના કામોમાં જોડવામાં આવી રહયા છે. મુખ્યમંત્રીના દિશા દર્શનમાં ગરીબ પરિવારોને નાની નદી, ચેકડેમ, તળાવ ઉંડા કરવાના સુજલામ સુફલામના કામોમાં ૨૦.૮૧ લાખ માનવદિન રોજગારી મળી છે. એક દિવસમાં જ અંદાજીત ૧.૨૩ લાખ લોકોને રોજગારી પુરી પાડવામાં આવી છે. આ અભ્યાન ૭મી જૂને પુરૂ થયું હતું. જે દરમ્યાન કુલ ૧૭૪૬૪ કામો પુરા થયા હતા. રાજયભરમાં આ વર્ષે ૫૫૭૯ જેટલા તળાવ ઉંડા કરવામાં આવ્યા છે. ૪૦૭૦ ચેક ડેમોનું ડીસીલ્ટીંગ કરાયું છે. ૩૮૦૯ કિલોમીટર લંબાઇમાં નહેરોની અને ઘાસની સફાઇ કરવામાં આવી છે.

મુખ્યમંત્રીએ જાહેર કર્યા મુજબ આ વર્ષે કચ્છ જિલ્લામાં સૌથી વધુ કામો થયા છે અને જળ સંગ્રહ શકિતમાં ૬૧૨૪ લાખ ઘનફૂટનો વધારો થયો છે. જે અભ્યાનની આગવી સિધ્ધી છે. પાંચ વર્ષ દરમ્યાન અભ્યાનને કારણે કુલ ૧૭૭.૭૪ લાખ માનવદિન જેટલી રોજગારી ઉભી થઇ છે. મુખ્યમંત્રીએ સુજલામ સુફલામ યોજનામાં કાર્યરત તમામ કર્મીઓને અભિનંદન પાઠવ્યા હતા. રાજય સરકારની આ મહત્વકાંક્ષી યોજનાને લોકોનો પણ ખૂબ સહકાર મળ્યો છે. જેના કારણે જળ સંચયનો વ્યાપ વધ્યો છે. ભૂર્ગભ જળ ઉંચા આવી રહયા છે. જેનાથી સિંચાઇ વ્યવસ્થા દ્રઢ થશે, ખેત ઉત્પાદન વધશે, પાણીનો બગાડ ઘટશે અને પર્યાવરણમાં પણ સુધારો આવશે.(૨.૧૧)

# જીનિયસ સ્કૂલના મનોદિવ્યાંગ બાળકોએ બોર્ડની પરીક્ષામાં ઝળહળતી સફળતા મેળવી



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૦

રાજકોટની જાણિતી જીનિયસ સ્કૂલ મનો-દિવ્યાંગ બાળકોની પ્રતિભાને નિખારીને તેને સમાજમાં સ્વનિર્ભર અને આત્મ-સન્માનથી જીવી શકે તે માટે છેલ્લા ૯ વર્ષોથી રાજકોટ ખાતે તાલિમ અને શિક્ષણ આપતી સંસ્થા છે. આ સંસ્થામાં મનો-દિવ્યાંગ બાળકોને તેમના કૌશલ્ય અનુસાર નિષ્ણાત શિક્ષકો દ્વારા માર્ગદર્શન પુરુ પાડવામાં આવે છે. તાજેતરમાં જીનિયસ સુપર કિડસ સ્કૂલના મનો-દિવ્યાંગ બાળકો એ ધો.૧૦ અને ૧૨ બોર્ડ (NIOS)ની પરિક્ષાઓમાં ઝળહળતી સફળતાઓ પ્રાપ્ત કરીને શાળા અને તેમના માતા-પિતાને ગૌરવ પ્રદાન કર્યું હતું.

ઉલ્લેખનીય છે કે, બોર્ડની પરીક્ષા ઉત્તીર્ણ કરવામાં સામાન્ય વિદ્યાર્થીઓને પણ મુશ્કેલી પડતી હોય, ત્યારે વર્ષ ૨૦૨૨ માં યોજાયેલ ધો.૧૦ અને ૧૨ની બોર્ડની નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ઓપન સ્કૂલિંગ (NIOS)ની પરીક્ષાઓમાં જીનીયસ સ્કૂલના પાંચ મનો-દિવ્યાંગ બાળકોએ પ્રથમ પ્રયત્ને જ ફર્સ્ટ કલાસ સાથે પરીક્ષા ઉત્તીર્ણ કરી. આ સફળતા સંસ્થા, શાળા અને તેમના શિક્ષકો માટે ગૌરવની વાત છે.

ધો. ૧૨ આવતા મંત્ર હરખાણી, દિવ્યેશ વિરડીયા અને મિહિર વાછાણી એ ફર્સ્ટ ક્લાસ મેળવ્યો છે. તેમજ ધો. ૧૦ દીપ અકુવાલા અને દર્શિલ ઉનડકટએ પ્રથમ વર્ગ સાથે પરીક્ષા ઉતિર્ણ કરેલ છે.

વિદ્યાર્થીઓની આ ઝળહળતી સિધ્ધિ બદલ જીનિયસ ગ્રુપના ચેરમેન ડી. વી. મહેતા, સીઇઓ ડીમ્પલબેન મહેતા અને જીનિયસ સુપર કિડસના સેકશન હેડ બીજલબેન હરખાણી એ તમામ વિદ્યાર્થીઓને અભિનંદન આપીને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી હતી. તેમ જણાવ્યું છે.(૧૩.૧૧)

# વેપારી સાથે રાજસ્થાનની પેઢીનું રૂ.૧૪.૧૮ લાખનું ચિટિંગ

### રાજસ્થાનની પેઢીએ રૂ.૫૦ હજાર મોકલાવી રૂ.૧૪.૬૮ લાખના દાગીના મંગાવી બાકીના પૈસા ન ચૂકવ્યા




**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ,તા.૨૦


ગોંડલ રોડ કાંતા સ્ત્રીવિકાસ રોડ પ્રેસિયસ કોમ્પલેક્ષમાં રહેતા ભાવેશભાઇ મણીલાલ પારેખ(સોની)(ઉ.વ.૪૯)એ ફરિયાદમાં મિલનભાઈ સતપાલ સોની(શ્રી રામ જવેલર્શ શ્રી ગંગાનગર રાજસ્થાન)નું નામ આપતા તેમની સામે છેતરપીંડી અંગેની ફરિયાદ નોંધાવી છે.

ભાવેશભાઈએ ફરિયાદમાં જણાવ્યું હતું કે,હું પરીવાર સાથે રહું છું અને સોની બજારમાં સવજીભાઇની શેરીમાં પદ્મમણી જવેલર્સના નામે દુકાન રાખી વેપાર ધંધો કરૂ છું.મીલનભાઇ સતપાલભાઇ સોની શ્રી રામ જવેલર્સ શ્રી ગંગાનગર રાજસ્થાન ખાતે પેઢી ધરાવે છે. જેઓએ તા.૨૫/૦૯/ ૨૦૨૧ ના રોજ ઓનલાઇન વેબસાઈટ જસ્ટ ડાયલ મારફતે અમારો સંપર્ક કરી વેપાર ધંધા બાબતે અમારો સંપર્ક કર્યો અને ત્યારબાદ અમારી વચ્ચે જાતની સોનાની બાલીઓ અમોએ તેમને બ્રાઈટ લોજીસ્ટીક મારફતે મોકલેલ અને જે પેટે અમારે લેવાના થતા રૂપિયા તેઓ અમોને અમારી પદ્મમણી જવેલર્સ પેઢીના ખાતામાં આર.ટી.જી.એસ. મારફતે મોકલી આપતા હતા.

પરંતુ ગઈ તા.૨૪/૦૩/ ૨૦૨૨ ના રોજ અમારી વચ્ચે આજ રીતનો એક વ્યવહાર થયેલ કે જેમાં અમોએ આ મીલનભાઇને બ્રાઈટ લોજીસ્ટીક મારફતે સોનાની અલગ અલગ પ્રકારની બાલીઓ જે કુલ વજન ૩૫૬ ગ્રામ કિંમત રૂ.૧૪,૬૮,૦૦૦ નો માલ આપેલ જે પેટે આ મીલનભાઇ એ એડવાન્સ પેટે આર.ટી.જી.એસ. થી તા.૦૭/૦૩ના રોજ રૂ.૫૦,૦૦૦ અમારી પેઢીના બેંક ખાતામાં નાખેલ અને બાકીના રૂ.૧૪,૧૮,૦૦૦ લેવાના રહેતા હોય જેથી આ મીલનભાઇને આ પેમેન્ટ બાબતે વાયદાઓ આપ્યા હોય જે મામલે તેઓએ પેમેન્ટ નહીં ચૂકવી છેતરપિંડી આચરી હતી.

### પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ નિમિતે

# 'આરોગ્ય ક્ષેત્રે પ્રમુખ સ્વામિ મહારાજનું પ્રદાન' વિષય પર સેમિનાર સંપન્ન



### બીએપીએસ દ્વારા કાર્યરત મોબાઈલ કલીનિકનો લાભ ૫૦ લાખ દર્દીઓએ લીધોઃ પૂ. વેદમનનદાસ સ્વામી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

કરમસદ, તા.૨૦

ચારુતર આરોગ્ય મંડળ ભાઇકાકા યુનિવર્સિટી, કરમસદ અને આર્ષ શોધ સંસ્થાન, સ્વામિનારાયણ અક્ષરધામ, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે આરોગ્ય ક્ષેત્રે પ્રમુખસ્વામી મહારાજનું પ્રદાન એ વિષય પર તા.૧૮ના રોજ ભીખાભાઇ ઓડિટોરીયમ ખાતે સવારે ૧૦ થી ૧૨ દરમ્યાન વિશેષ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમના અધ્યક્ષ તરીકે ચારુતર આરોગ્ય મંડળ, કરમસદના સચીવ જાગૃતભાઇ ભટ્ટ, વક્તા તરીકે બીએપીએસ સ્વામિનારાયણ મંદિર આણંદ સંતનિર્દેશક શ્રી પૂ. ડો. વેદમનનદાસ સ્વામી તથા દ્વિતીય વક્તા તરીકે શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળના દર્શન વિભાગાધ્યક્ષ પૂ. ડો. આત્મતૃપ્તદાસ સ્વામી, બીએપીએસ સ્વામિનારાયણ મંદિર, આણંદના કોઠારી શ્રી પૂ. ભગવત્ચરણદાસ સ્વામી તેમજ આર્ષ શોધ સંસ્થાન, સ્વામિનારાયણ અક્ષરધામ, ગાંધીનગરના નિયામક ડો. પ્રો. પૂ. શ્રુતિપ્રકાશદાસ સ્વામી વગેરે મહાનુભવો ઉપસ્થિત રહ્યા હતા.

બીએપીએસ સંસ્થા ખાસ કરીને સુરત, અમદાવાદ અને વડોદરામાં અદ્યતન સુવિધા સજ્જ મલ્ટીસ્પેશ્યાલીસ્ટ હોસ્પિટલો ધરાવે છે. તેમજ ૧૪-૧૫ મોબાઇલ મેડિકલ કલીનિક રાજસ્થાન અને ગુજરાતના ગામડાંઓમાં ચાલે છે. જે છેલ્લા ૨૩ વર્ષથી કાર્યરત છે. જેમાં ૫૦ લાખ દર્દીઓએ લાભ પ્રાપ્ત કર્યો છે. રક્તદાન યજ્ઞો પણ સતત ચાલતા હોય છે. જેમાં અત્યાર સુધીમાં ૪૬ લાખ બોટલ રક્ત લોકોને આપ્યું છે. તેમ પૂ. વેદમનનદારા સ્વામીએ જણાવ્યું હતું. આમ, ભાઇકાકા યુનિવર્સિટી, કરમસદ ખાતે પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી મહોત્સવ ઉપક્રમે સ્વામીશ્રીના દિવ્ય જીવન-કાર્યમાંથી પ્રેરણા આપતા ભવ્ય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સેમિનારમાં મોટી સંખ્યામાં આમંત્રિતો તેમજ શ્રોતાઓ ઉપસ્થિત રહ્યા હતા. સાથે સાથે યુટયુબના માધ્યમથી ઓનલાઇન અને બીએપીએસ સંસ્થાની પ્રેરણાસેતુ એપ પર લાઇવ પ્રસારણ કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન દેવસ્ય ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું. તેમ જણાવ્યું હતું.(૧૩)

# રાજકોટ જિલ્લામાં ૧,૫૫,૬૪૪ હેકટરમાં ખરીફ પાકોનું વાવેતર

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૦

રાજકોટ જિલ્લામાં ધીમે-ધીમે વરસાદી માહોલમાં ખેડૂતો દ્વારા ખરીફ પાકોનું વાવેતર શરૂ કરાયું છે. અત્યાર સુધીમાં ખરીફ પાકમાં જિલ્લાના અગીયાર તાલુકામાં કુલ ૧,૫૫,૬૪૪ હેકટર વિસ્તારમાં વાવેતર થયું હોવાનું જિલ્લા ખેતીવાડી અધિકારી ડી.જી.રાઠોડે જણાવ્યું છે. રાઠોડનાં જણાવ્યા મુજબ ચાલુ ખરીફ મોસમમાં તા.૧૭ જૂન સુધીમાં મગફળી - ૭૮૫૨૬ હેકટર, કપાસ (પિયત)૭૨૯૦૨ હેકટર, શાકભાજી ૧૬૪૭ હેકટર, ઘાસચારો ૧૫૪૪ હેકટર ઉપરાંત ૭૩૨ હેકટરમાં સોયાબીનનું વાવતેર કરાયું છે. જિલ્લાનો છેલ્લા ત્રણ વર્ષના સરેરાશ નોર્મલ વાવેતર વિસ્તાર ૫,૩૩,૬૫૦ હેકટર નોંધાયો છે. તેમ પણ રાઠોડે ઉમેર્યુ હતું.

**વાચકોએ નોંધ લેવી**

**કે કોઇપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઇ બાહેંધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પુરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.**

**વ્યવસ્થાપકઃ સૌરાષ્ટ્ર ક્રાંતી**






# રાજકોટ શહેર-જિલ્લાની તમામ શાળાઓમાં શિક્ષકો, વિદ્યાર્થીઓ માટે માસ્ક ફરજીયાત



## બીમાર બાળકોને શાળાએ ન મોકલવા વાલીઓને તાકીદ: કોરોનાનાં કેસો વધતા શિક્ષણ વિભાગ દ્વારા ગાઈડલાઈન્સ જાહેર

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૦

રાજકોટમાં છેલ્લા એક સપ્તાહથી કોરોના મહામારીનાં કેસો વધી રહ્યા હોવાથી શિક્ષણ વિભાગ હરકતમાં આવી ગયો છે. રાજકોટ શહેર અને જિલ્લાની તમામ શાળાઓમાં વિદ્યાર્થીઓએ અને શિક્ષકોએ ફરજીયાત માસ્ક પહેરીને જ હાજરી આપવી એવો રાજકોટનાં જિલ્લા શિક્ષણાધિકારી બી.એસ.કૈલાએ આજે આદેશ બહાર પાડ્યો હતો. કોરોના અચાનક ઉછાળો મારી રહ્યો હોવાથી આરોગ્ય તંત્ર એકદમ સતર્ક થયું છે અને શિક્ષણ વિભાગમાં પણ ચિંતા પ્રસરી છે. શાળાઓ નિયમિત શરૂ થઇ ગઈ છે. એટલે કોરોનાનો ચેપ શાળાઓમાં પ્રસરે નહીં એ માટે બીમાર બાળકોને વાલીઓ સ્કૂલ ન મોકલે એવી પણ તાકીદ કરવામાં આવી છે.

રાજકોટમાં આજે સોમવારે કોરોનાનાં નવા ૧૦ કેસ નોંધાયા હતા. છેલ્લા પાંચ દિવસમાં ૩૯ જેટલા નવા કેસો નોંધાયા છે એટલે અગમચેતી ખાતર શિક્ષણ વિભાગની સુચના અને આદેશથી રાજકોટ જિલ્લા માટે કોરોના એડવાઇઝરી જાહેર કરવામાં આવી છે અને તમામ શાળાઓને એસઓપીનું સખત રીતે પાલન કરવા આદેશ અપાયો છે.

બી.એસ.કૈલાએ જણાવ્યું હતું કે, હાલ રાજકોટ જિલ્લામાં અને ગુજરાતમાં પણ કોરોનાનાં કેસ ધીમે-ધીમે વધી રહ્યા છે. આથી વિદ્યાર્થીઓની સલામતીને ધ્યાનમાં રાખીને રાજકોટ શહેર- જિલ્લાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્કૂલોમાં વિદ્યાર્થીઓ ફરજીયાત માસ્ક પહેરીને આવે તેવી સુચના આપવામાં આવી છે. સરકારની ગાઈડલાઈનનો પણ ચુસ્તપણે અમલ કરવા શાળાઓને આદેશ અપાયો છે.

### રાજકોટમાં સોમવારે કોરોનાનાં ૧૦ કેસ નોંધાયા, પાંચ દિવસમાં ૩૯ કેસ નોંધાયા

તેમણે કહ્યું હતું કે, શાળાઓમાં સેનીટાઈઝેશન, સામાજીક અંતર સહિતનાં નિયમોનું પાલન કરવાનું રહેશે. લોકો આ નિયમોને હળવાશથી લેવા લાગ્યા હતા. પરંતુ સ્કૂલોને આ બાબત ગંભીરતાથી લેવા સુચના અપાઈ છે. હજુ એકપણ વિદ્યાર્થી કોરોના સંક્રમિત થયો નથી. ૧૫ થી ૧૮ વર્ષનાં વયજૂથનાં વિદ્યાર્થીઓનું રસીકરણ ચાલુ જ છે. જરાય શંકાસ્પદ લક્ષણો લેખાતા હોય તો સંતાનોને સ્કૂલ ન મોકલવા વાલીઓને તાકીદ કરવામાં આવી છે.

વિદ્યાર્થીમાં કયો રોગ છે અને તે ચેપી છે કે કેમ તે સ્કૂલમાં જલ્દીથી નક્કી ન થાય. પરિણામે સંક્રમણ વધે અને અન્ય વિદ્યાર્થીઓ પણ ચપેટમાં આવી શકે.

શિક્ષણાધિકારીએ સુચના આપી છે કે, બીમાર વિદ્યાર્થીઓનાં વાલીઓએ નજીકનાં આરોગ્ય કેન્દ્રમાં તપાસ કરાવી લેવી જોઈએ. આરોગ્યની ટીમો સ્કૂલોમાં પણ જાય જ છે. વિદ્યાર્થીઓની આરોગ્ય ચકાસણી દર વર્ષે નિયમિત થતી જ હોય છે. કોરોના કાળમાં ગયા વર્ષે થઇ હતી એ રીતે આ વર્ષે પણ સઘન આરોગ્ય ચકાસણી કરવામાં આવશે. બાળકોની તંદુરસ્તી અને જીવન બંને ખૂબ જ અગત્યની બાબત છે. જો કોઈપણ સ્કૂલ આ અંગે બેદરકારી રાખશે તો અમે ચલાવી લેશું નહીં. જો કોઈ સ્કૂલમાં કેસ આવશે તો તેની સામે તાકીદે કાર્યવાહી કરવામાં આવશે.(૨.૧૨)

## ગુજરાતમાં કોરોનાનાં વધતા કેસો અંગે હાઈકોર્ટની ઘેરી ચિંતા

### માસ્ક સહિતનાં કોરોના નિયમોનું પાલન કરવા તાકીદ

(એજન્સી સમાચાર)
ગાંધીનગર, તા.૨૦

ગુજરાતમાં કોરોનાનાં વધતા જતા કેસો અંગે ગુજરાત હાઈકોર્ટે ઊંડી ચિંતાની લાગણી દર્શાવી છે. કોર્ટ રૂમમાં કાર્યવાહી સમયે માત્ર પોલીસ, વકીલ અને પક્ષકારોને જ હાજર રહેવા હાઈકોર્ટનાં ચીફ જસ્ટીસે આદેશ આપ્યો છે.

કોરોનાનાં કેસો ધ્યાનમાં લઇ માસ્ક અને સામાજીક અંતર સહિતનાં નિયમોનું લોકોએ સખ્તાઈથી પાલન કરવું જોઈએ. એવું વડા ન્યાયમૂર્તિએ જણાવ્યું હતું.(૨.૧૨.)

# ઉમરાળા-બરવાળામાં ૨, પડધરી, જેશર-જસદણમા ૧।। ઇંચ



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૦

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં ગઇકાલથી ફરી વાતાવરણમાં પલ્ટો આવ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં આજે સોમવાર સવારના ૧૦ વાગ્યા સુધીમાં ભાવનગર જીલ્લાના ઉમરાળામાં ૨ ઇંચ, બોટાદ જીલ્લાના બરવાળામાં ૨ ઇંચ વરસાદ પડયો છે. આ ઉપરાંત ભાવનગર, જેશર, પડધરી, જસદણ, જામકંડોરણામાં દોઢ ઇંચ વરસાદ પડયો છે.

જયારે ગારીયાધાર, ઘોઘા, તળાજા, મહુવા, વલ્લભીપુર, હિરો, કેશોદ, માળીયાહાટીના ઉપલેટા, કોટડાસાંગાણી, ગોંડલ, જેતપુર, ધોરાજી, લોધીકા, વિંછીયા, પોરબંદર, કુતિયાણા, ગઢડા, બોટાદ, કોડીનારમાં ઝાપટાથી માંડીને અડધો ઇંચ વરસાદ પડયો છે.

# ભરણપોષણની રકમ નહીં ચુકવનાર પતિને ૫૦ દિવસની જેલ



(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)
રાજકોટ, તા.૨૦

ફેમિલી કોર્ટના હુકમ મુજબ પત્ની બાળકોનું ચડત ભરણપોષણ નહી ચુકવનારા પતિને અદાલતે ૫૦ દિવસની જેલ સજાનો હુકમ કર્યો છે.

કેસની હકીકત એવી છે કે, રાજકોટમાં રહેતા પરિણીતા ચાંદનીબેન રોહીતભાઇ ડાવેરાએ પોતાના પતિ રોહીતભાઇ આઇદાનભાઇ ડાવેરા વિરૂધ્ધ ક્રિ. પ્રો. કોડની કલમ ૧૨૫ મુજબ ભરણપોષણ મેળવવા ફેમિલી કોર્ટમાં અરજી કરી હતી. તેમાં અરજી મંજુર કરી ચાંદનીબેનને માસીક રૂ.૪૦૦૦/- તથા પુત્રો રાજવીરને રૂ.૧૦૦૦/- તથા યુવરાજને રૂ.૧૦૦૦/- આમ કુલ ભરણપોષણ પેટે રૂ.૫૦૦૦- ચુકવવા તેવો હુકમ કર્યો હતો. જે હુકમનું સામાવાળા પતિ પાલન કરતા ન હોય તેથી અરજદારે તેમના એડવોકેટ અમીત ગડારા મારફત તા.૨૪/ ૯/ ૨૧ થી ચડત ભરણપોષણની રકમ તથા અરજી ખર્ચ સહીતની કુલ રકમ મેળવવા ફેમિલી કોર્ટમાં અરજી કરી હતી. આ કામે કોર્ટે સામાવાળા વિરૂધ્ધ નોટીસ ઇસ્યુ કરેલ, જેમાં પતિ મુદત હરોળમાં કોર્ટમાં હાજર રહેલ હોય, જેથી કોર્ટે સામાવાળાને ચડત ભરણપોષણની રકમ ભરપાઇ કરવા જણાવેલ, પરંતુ સામાવાળાએ રકમ ભરપાઇ કરવાની ના પાડી દેતા જેથી કોર્ટે તેમને જયુડિશિયલ કસ્ટડીમાં લીધેલ તેમજ અરજદાર પરિણીતાના એડવોકેટ અમીત ગડારાએ ધારદાર દલીલો કરેલ અને સામાવાળાને જેલસજા કરવા કોર્ટને જણાવેલ હોય, આથી અદાલતે સામાવાળા પતિને ૫૦ દિવસની સાદી જેલ સજા કરવાનો હુકમ કરેલ હોય આથી રોહીતભાઇની કોર્ટમાંથી ધરપકડ કરી તાત્કાલીક જેલહવાલે કરવાનો હુકમ કરેલ હતો.

આ કામે પરિણીતા વતી એડવોકેટ અમીત વી. ગડારા, પરેશ મૃગ, ભાર્ગવ જે. પંડયા, કેતન જે. સાવલીયા, રીતેષ ટોપીયા રોકાયા હતા.


અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
શ્રધ્ધાંજલિ
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
-:શ્રધ્ધાંજલિની જાહેર ખબર:-
ફિક્સ સાઇઝ
(અંદરના પાને)
6 x 2.5: 200 Rs.
+5%GST
ફિક્સ સાઇઝથી વધુ સાઇઝની જાહેરાત આપવા ૬૦રૂ.(Per C.C) ચાર્જ થશે
122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426


# સાવધ રહેજો રાજકોટવાસીઓ: ડેન્ગ્યુનાં બે કેસ નોંધાતા આરોગ્ય તંત્રમાં દોડધામ



## શરદી-ઉધરસનાં ૨૨૩ કેસ, ઝાડા-ઉલ્ટીનાં ૯૮ અને તાવનાં ૭૧ કેસ નોંધાયા: મચ્છરોની ઉત્પતિ રોકવા માટે સતત અલગ-અલગ વિસ્તારોમાં ચેકિંગ અને ફોગીંગ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૦

ચોમાસું હજુ પૂરેપૂરું બેઠું નથી ત્યાં ગયા સપ્તાહ દરમ્યાન રાજકોટ શહેરમાં મચ્છરજન્ય ડેન્ગ્યુ રોગચાળાએ દેખા દીધી છે. ગયા સપ્તાહમાં ડેન્ગ્યુનાં બે કેસ નોંધાયા છે આથી મનપાનાં આરોગ્ય વિભાગ દ્વારા તાત્કાલિક યુધ્ધનાં ધોરણે કામગીરી કરવામાં આવી રહી છે. ફોગીંગ અને પોરાનાશક કામગીરીની તિવ્રતા વધારવામાં આવી છે.

ગયા એક સપ્તાહ દરમ્યાન ડેન્ગ્યુનાં બે કેસ નોંધાતા લોકોને સાવચેતી રાખવા માર્ગદર્શન આપવામાં આવ્યું છે. ગયા અઠવાડિયે શરદી-ઉધરસનાં ૨૨૩ કેસો નોંધાયા છે. ઝાડા- ઉલ્ટીનાં ૯૮ કેસ અને સામાન્ય તાવનાં ૭૧ કેસ નોંધાયા છે. લોકોને સાવધાની રાખવા અપીલ કરવામાં આવી છે. આ વર્ષમાં ડેન્ગ્યુનાં કુલ ૧૨ કેસ અત્યાર સુધીમાં નોંધાયા છે.

રાજકોટ મહાપાલિકાનાં આરોગ્ય તથા મેલેરીયા વિભાગ દ્વારા ગત એક સપ્તાહમાં ૧૬૭૮૮ ઘરોમાં પોરાનાશક કામગીરી અને ૧૬૨ ઘરોમાં ફોગીંગ કામગીરી કરવામાં આવી હતી. મચ્છરોની ઘનતા વધુ હોય એવા વિસ્તારો રાધાકૃષ્ણ પાર્ક, માધવ વિહાર, સોરઠીયાવાડી, લલુડી વોકડી, કેવડાવાડી વગેરે વિસ્તારોમાં વ્હીકલ માઉન્ટેન ફોગીંગ મશીનથી ફોગીંગ કામગીરી કરવામાં આવી હતી.

ડેન્ગ્યુ રોકવા માટે રહેણાંક મકાનો, દુકાનો, કોમર્શીયલ કોમ્પ્લેક્ષ, ઔદ્યોગિક એકમો સહિત ૫૪૯ સ્થળે મચ્છર ઉત્પતિની તપાસ કરવામાં આવી હતી અને ૫૯૪ આસામીને નોટીસ ફટકારવામાં આવી હતી.

મનપાનાં આરોગ્ય અધિકારીએ એક યાદીમાં સલાહ આપી છે કે, ડેન્ગ્યુ અને મેલેરીયા જેવા રોગો સાફસફાઈનાં અભાવને કારણે ફેલાતા હોય છે. ડેન્ગ્યુ રોકવા માટે ચોખ્ખા પાણી ભરેલા પાત્રો ઢાંકીને રાખવા જોઈએ. બિનઉપયોગી પાણી ભરેલા તમામ પાત્રો ખાલી કરી દેવા જોઈએ. દરરોજ માત્ર ૧૦ મિનિટ આ કામને આપવાથી મચ્છરને લીધે ફેલાતા રોગોથી બચી શકાશે.(૨.૧૨)

# બહુમાળી ભવનમાં ઘોડિયા ઘરનું લોકાપર્ણ કરતા જિલ્લા કલેકટર



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા. ૨૦

રાજકોટ સ્થિત બહુમાળી ભવન ખાતે અતિઆધુનિક સગવડો સાથે તૈયાર કરવામાં આવેલા ઘોડિયાઘરનું કલેકટર અરૂણ મહેશ બાબુના વરદહસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

સરકારી ક્ષેત્રે સંકળાળેલી મહિલા કર્મચારીઓના બાળકોના ઉછેરના પ્રશ્ન પ્રત્યે જિલ્લા કલેકટર અરૂણ મહેશ બાબુ દ્વારા સંવેદના દાખવી એક ઓરડાને બદલે બે ઓરડા સાથે લોકર, પ્લે એરિયા, ઘોડિયા સહિતની અદ્યતન સુવિધાઓ સાથે આ કામગીરીને ટોચઅગ્રતા આપીને હાથ ધરવામાં આવી હતી. આ ઘોડિયાઘરમાં સવારે ૧૦ થી સાંજે ૬.૩૦ કલાક સુધી બાળકોની સંભાળ લેવામાં આવશે, જેમાં ૩ માસથી લઈને શાળાએ જતા બાળકોનો સમાવેશ કરવામાં આવશે. અહીં હાલ ૯ બાળકો ઉછરી રહ્યાં છે. આ ઘોડીયાઘરની તમામ વસ્તુઓ ચાઈલ્ડ ફ્રેન્ડલી બનાવવામાં આવી છે. કલેકટરએ દરેક સરકારી કચેરીઓમાં ઘોડિયાઘરની ફિડીંગરૂમ સાથેની સુવિધા ઉભી કરવા પી.ડબ્લયૂ.ડી.ના અધિકારીઓને આદેશ આપ્યા હતા.

આ કાર્યક્રમમાં સમાજ સુરક્ષા અધિકારી મેહુલગીરી ગૌસ્વામી, જિલ્લા બાળ સુરક્ષા અધિકારી મિત્સુબેન વ્યાસ, આર.એન્ડ બી વિભાગનાં ડે. ઈજનેર રાજેશ્વરી નાયર, પી.ડબ્લ્યુ. ડી.ના અધિકારી જાવિયા સહીતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટ જિલ્લા પંચાયત ગામડાના વિકાસ માટે પંચાયત સંમેલન યોજશે

## ૨૧ કરોડની ગ્રાન્ટમાંથી ૮.૭૨ લાખનો જ ઉપયોગ, કેન્દ્ર અને રાજ્ય સરકારની ગ્રાન્ટ પડી રહેતી હોવાથી ગ્રાન્ટ વાપરવા અંગે માર્ગદર્શન અપાશે



પંચાયત મંત્રી મેરજાની હાજરીમાં સંમેલન યોજાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ.તા.૨૦

રાજકોટ જિલ્લા પંચાયતે સ્વભંડોળની અધધધ ૨૧.૫૦ કરોડની ગ્રાન્ટ હોવા છતાં હજુ સુધીમાં સરકારી ચોપડે ૮.૭૨ લાખ એટલે કે, ૦.૪૧ ટકા જ રકમનો ઉપયોગ કર્યો હોવાનું બહાર આવ્યું છે. હવે રાજકોટ જિલ્લા પંચાયત પડી રહેતી ગ્રાન્ટને લઈ હરકતમાં આવી છે. રાજકોટ જિલ્લા પંચાયત ગામડાના વિકાસ માટે પંચાયત સંમેલન યોજશે. જેમાં રાજ્યના પંચાયત મંત્રી બ્રિજેશ મેરજા હાજર રહેશે.

રાજકોટ જિલ્લાના ગામડાના સરપંચો માટે પંચાયત સંમેલ યોજાશે. જેમાં કેન્દ્ર અને રાજ્ય સરકારની ગ્રાન્ટ પડી રહેતી હોવાથી ગ્રાન્ટ વાપરવા અંગે માર્ગદર્શન આપવામાં આવશે, સાથોસાથ ગામડામાં ગ્રાન્ટ ઉભી કરવા માટે માર્ગદર્શન આપશે. ગ્રાન્ટ વાપરવામાં ન આવતી હોવા પાછળ ક્યાંકને ક્યાંક વિભાગોમાં સ્ટાફની અછત અને સંકલનના અભાવનો મુદ્દો કેન્દ્ર સ્થાને આવી રહ્યો છે. ઉલ્લેખનીય છે કે, સિંચાઇ વિભાગમાં ૮૫ ટકા અને બાંધકામ વિભાગમાં ૫૦ ટકા જેટલી



સ્ટાફની ઘટ હોઇ, આ બાબતને કારણે એક તબક્કે ગામડાંઓમાં વિકાસની કામગીરી જે ઝડપી ગતિએ થવી જોઇએ તે ન થઇ રહી હોવાની છાપ ઉપસી રહી છે.

રાજકોટ જિલ્લા પંચાયતની સ્વભંડોળ યોજના અંતર્ગત એપ્રિલ-૨૦૨૨માં રૂ.૨૧૫૦.૭૫ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે, જેની સામે શિક્ષણ શાખા દ્વારા રૂ.૦.૦૧ લાખ, ખેતીવાડી શાખા દ્વારા રૂ.૦.૬૦ લાખ, સિંચાઇ શાખા દ્વારા રૂ.૨.૭૫ લાખ અને બાંધકામ શાખા દ્વારા રૂ.૫.૩૬ લાખ મળી કુલ રૂ.૮.૭૨ લાખ (૦.૪૧ ટકા)નો ઉપયોગ કરવામાં આવ્યો છે!


અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
આપની આસપાસ બનતી ઘટનાઓ, પ્રશ્નો સમાચારો, સામાજિક, ધાર્મિક અને સેવાકિય પ્રસંગો, અવસાન નોંધ સહિત શાળા-કોલેજોમાં ઉજવાયેલા પ્રસંગો, વિવિધ ક્ષેત્રે મેળવેલી સિધ્ધિઓ તેમજ રચનાત્મક પ્રવૃતિઓના સમાચારો અમને લખીને મોકલો. સૌરાષ્ટ્ર ક્રાંતીમાં યોગ્ય સ્થાન આપવામાં આવશે... (આ સાથે સારા રિઝોલ્યૂશવાળા ફોટોગ્રાફ પણ મોકલી શકો છો)
વોટ્સએપ નં.93752 17603 email:-saurashtrakranti@gmail.com
એડ્રેસ: ૧૨૫, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ-૩૬૦૦૦૧


# જિ.પંચાયતના બીજા લોકદરબારમાં પણ નિરસતા: ૪ જ પ્રશ્નો આવ્યા



## કારોબારી ચેરમેન સહિત ઘણાની ગેરહાજરી...!: લોકદરબારમાં જંગવડમાં આર.સી.સી. પાઈપલાઈન નાખવા રજૂઆત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ: રાજકોટ જીલ્લા પંચાયત ખાતે દર સોમવારે લોક દરબારનું આયોજન કરવાનું નકકી થયેલ છે ત્યારે આજે બીજા સોમવારે મળેલા લોકદરબારમાં શિક્ષણ વિભાગના કર્મચારીના કોર્ટ કેસ બાબતે,મહેકમ શાખાના કર્મચારી કોર્ટ કેસ, તેમજ ભાડલા ગામે પાણીના નિકાલ બાબતે ગટરની ગ્રાન્ટ ફાળવવા બાબતે રજૂઆત કરાઈ હતી. અને જંગવડમાં આર.સી.સી પાઈપલાઈન નાખવા માટે અરજદારે રજૂઆત કરી હતી ગયા લોકદરબારની જેમ આ વખતે પણ ફક્ત ૪ પ્રશ્નો જ આવ્યા હતા. આ તકે રાજકોટ જીલ્લા પંચાયતના પ્રમુખ ભૂપતભાઈ બોદર, ઉપપ્રમુખ સવિતાબેન વસાણી, શાસક પક્ષનેતા વિરલ પનારા, બાંધકામ સમિતિના ચેરમેન પ્રવિણભાઈ ક્યારા, સિંચાઈ સમિતિના ચેરમેન ચેરમેન જેન્તીભાઈ બરોચીયા સહિતના સદસ્યોએ હાજરી આપી હતી.અને કારોબારી ચેરમેન સહદેવસિંહ સહિત અન્ય અમુક ચેરમેનો ગેરહાજર રહ્યા હતા!.

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.